RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું નિર્ભય અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ ● વર્ષ: ૧૪ ● અંક: ૨૩૦ ● તારીખ: ૩૦-૧૧-૨૦૨૫, રવિવાર● પાનાં : ૦૮ ● દર : ૧.૫૦ રૂપિયા ● વાર્ષિક લવાજમ રૂ.-૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## અમેરિકા-ચીનની નવી વૈશ્વિક શરતોથી દુનિયામાં અસ્થિરતા-જયશંકર



વૈશ્વિક રાજનીતિ અને આર્થિક સમીકરણોને લઈને વિદેશ મંત્રી એસ. જયશંકરનું મોટું નિવેદન સામે આવ્યું છે. એસ.જયશંકરે કહ્યું કે, 'દુનિયા આ સમયે એવા વળાંક પર છે કે, જ્યાં અમેરિકા અને ચીનની નવી નીતિએ વૈશ્વિક વ્યવસ્થાને અસ્થિર કરી દીધી છે. જેમાં બદલાતી પરિસ્થિતિમાં દેશોને એ નક્કી કરવું મુશ્કેલ છે કે, તેઓને પ્રતિસ્પર્ધા પર ધ્યાન આપવું જોઈએ કે સમજૂતી પર.જયશંકરે કહ્યું કે, 'અમેરિકા હવે જૂના માળખા હેઠળ વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું નથી, પરંતુ નવી શરતો પર વ્યક્તિગત દેશો સાથે સીધી વાટાઘાટો કરી રહ્યું છે. બીજી તરફ, ચીન પણ પોતાના નિયમોને વધુ કડક રીતે લાગુ કરી રહ્યું છે. આ સ્થિતિમાં વિશ્વભરના ઘણા દેશો મૂંઝવણમાં છે અને સંભવિત જોખમોને ટાળવા માટે તમામ વિકલ્પો ખુલ્લા રાખી રહ્યા છે.'વૈશ્વિક દબાણ અને દેશની રણનીતિ મામલે જયશંકરે કહ્યું કે, 'વૈશ્વિકરણ, પુરવઠાની અસુરક્ષા અને વધતા જતા રાજકીય તણાવ દેશોને દરેક આકસ્મિક પરિસ્થિતિ માટે તૈયાર રહેવાની ફરજ પાડી રહ્યા છે. તેઓ શક્ય હોય ત્યાં મુશ્કેલીભર્યા વિકલ્પ ટાળી રહ્યા છે. આ ઉપરાંત, જ્યાં તેમને ફાયદો દેખાય છે ત્યાં ઝડપી નિર્ણયો લઈ રહ્યા છે. આનાથી વિવિધ ક્ષેત્રોમાં મુક્ત વેપાર કરારો માટે માંગ અને ઉત્સાહમાં વધારો થયો છે.'તેમણે વધુમાં જણાવ્યું કે, 'વૈશ્વિક ઉત્પાદનનો એક તૃતીયાંશ ભાગ ચીનમાં થાય છે, જેનાથી સપ્લાય ચેઈનની વિશ્વસનીયતા પર સવાલો ઉઠે છે. સંઘર્ષો અને જલવાયુ સંકટોએ આ પ્રકારની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ઊર્જા મામલામાં અમેરિકા હવે મોટું નિકાસકાર બની ગયું છે. જ્યારે ચીન નવીનીકરણીય ઊર્જા પર પ્રભુત્વ ધરાવે છે, ત્યારે આ પરિવર્તન વૈશ્વિક સંતુલનને અસર કરી રહ્યું છે.'વ્યાપારમાં માંગની અસ્થિરતાને લઈને જયશંકરે કહ્યું કે, 'વ્યાપારમાં માંગની અનિશ્ચિતતા અને સપ્લાય અવરોધો જોખમો વધારી રહ્યા છે. ટેરિફ રેટ્સમાં વધઘટ થતા વૈશ્વિક વ્યાપાર પર અસ્થિરતા આવી છે. નાણાકીય ક્ષેત્રના પ્રતિબંધોનો વધતો ઉપયોગ, સંપત્તિની જપ્તી અને બ્લોકચેન ટેકનોલોજીનો ઉદભવ એક નવા વૈશ્વિક નાણાકીય સ્થાપત્ય તરફ ઈશારો કરી રહ્યો છે.'

## ITRમાં આવી ભૂલ કરી હશે તો નક્કી ITની નોટિસ આવશે! ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે!




ટેક્સ ડિપાર્ટમેન્ટ લગભગ ૨૫,૦૦૦ લોકોને એક SMS અને ઈમેઈલ મોકલી રહ્યું છે, જેમણે ૨૦૨૫-૨૬ એસેસમેન્ટ વર્ષ માટે પોતાના ટેક્સ રિટર્નમાં તેમની વિદેશી સંપત્તિનો ખુલાસો નથી કર્યો. ગ્લોબલ ડેટા શેરિંગ કરાર હેઠળ અન્ય દેશોમાંથી મોકલવામાં આવેલી માહિતીના આધારે આ લોકોની ઓળખ 'હાઈ રિસ્ક' વાળા મામલામાં કરવામાં આવી છે. જો તમારી પણ વિદેશમાં સંપત્તિ છે અને તમે પણ તેનો ખુલાસો નથી કર્યો તો તમારી પાસે પણ આ મેસેજ આવી શકે છે. ટેક્સ અધિકારીઓએ AEOI સિસ્ટમના આધારે વિદેશ મળેલા ડેટાની તપાસ કરી છે. આ ઈન્ટરનેશનલ ઈન્ફ્રા દેશોને પોતાના નિવાસીઓ દ્વારા વિદેશમાં રાખવામાં આવેલા ફાઈનાન્શિયલ એકાઉન્ટની વિગતો શેર કરવાની મંજૂરી આપે છે. આ ડેટાના આધારે વિભાગને ઘણા એવા મામલા મળ્યા જ્યાં વિદેશી સંપત્તિ અસ્તિત્વમાં હોવાનું જણાયું હતું, પરંતુ ફાઈલ ઈનકમ ટેક્સ રિટર્નમાં તેનો ખુલાસો નહોતો કરવામાં આવ્યો.કમ્પ્લાયન્સને સુધારવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT) પોતાના 'Nudge' કેમ્પેઈનના પ્રથમ તબક્કામાં એલર્ટ મોકલવાનું શરૂ કરશે. આ મેસેજમાં ટેક્સપેયર્સને પેનલ્ટીથી બચવા માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પોતાના ITRને રિવાઈઝ કરવાની સલાહ આપવામાં આવશે. આ કેમ્પેઈનનો બીજો તબક્કો ડિસેમ્બરમાં શરૂ થશે અને શક્ય તેટલા વધુ લોકોને સામેલ કરવામાં આવશે. વિભાગે એવી મોટી કંપનીઓનો પણ સંપર્ક કર્યો છે જેમના કર્મચારીઓ પાસે વિદેશી પ્રોપર્ટી હોઈ શકે છે, પરંતુ તેમણે તેનો ખુલાસો નથી કર્યો. ઉદ્યોગ સંસ્થાઓ, ICAI અને અન્ય સંગઠનોને જાગૃતિ ફેલાવવા અને કરદાતાઓને માર્ગદર્શન આપવા માટે કહેવામાં આવ્યું છે.એક સત્તાવાર નિવેદન પ્રમાણે પ્રાપ્ત જાણકારીથી વિભાગને વિસંગતતાઓ શોધવામાં મદદ મળે છે અને લોકોને શેડ્યૂલ ફોરેન એસેટ્સ અને ફોરેન સોર્સ ઈન્કમમાં તેમના ફોરેન હોલ્ડિંગ્સને યોગ્ય રીતે રિપોર્ટ કરવામાં સપોર્ટ કરે છે.વિદેશી પ્રોપર્ટીનો રિપોર્ટ ન કરવા પર નિયમો કડક છે. બ્લેક મની એક્ટ હેઠળ વિદેશી સંપત્તિનો ખુલાસો ન કરવા બદલ ૧૦ લાખ સુધીનો દંડ, 30% ટેક્સ અને ચૂકવવાપાત્ર ટેક્સના 300% વધારાનો દંડ થઈ શકે છે. આ કાયદાનો ઉદ્દેશ્ય ભારતીયો દ્વારા વિદેશમાં રાખવામાં આવેલી અઘોષિત આવક અને સંપત્તિઓ પર અંકુશ લગાવવાનો છે.ગત વર્ષે પણ આ જ પ્રકારનું કેમ્પેઈન ચલાવવામાં આવ્યું હતું. તેણે ૨૪,૬૭૮ ટેક્સપેયર્સને એસેસમેન્ટ વર્ષ ૨૦૨૪-૨૫ માટે પોતાના આવકવેરા રિટર્ન પર સમીક્ષા કરવા અને ૨૯,૨૦૮ કરોડની વિદેશી સંપત્તિ અને ૧,૦૮૯ કરોડથી વધુની વિદેશી સોર્સ આવક જાહેર કરવા માટે પ્રેરિત કર્યા હતા.અધિકારીઓનું કહેવું છે કે, એપ્રિલથી જૂન ૨૦૨૫ વચ્ચે લગભગ ૧,૦૮૦ કેસોનું વેલ્યૂવેશન કરવામાં આવી ચૂક્યું છે, જેના પરિણામે લગભગ ૪૦,૦૦૦ કરોડની ટેક્સ ડિમાન્ડ સામે આવી છે. વિભાગે દિલ્હી, મુંબઈ અને પુણેમાં પણ દરોડા પાડ્યા છે, જેમાં અનેક સો કરોડ રૂપિયાના છુપાયેલા વિદેશી રોકાણોનો પર્દાફાશ થયો છે.

## SIR માટે આટલી ઉતાવળ કેમ? વોટનો અધિકાર છીનવી રહી છે ભાજપ: અખિલેશ યાદવ



દેશના અનેક રાજ્યોમાં અત્યારે એક સાથે SIRની પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા કરાવવામાં આવી રહી છે. SIRની પ્રક્રિયા કરી રહેલા BLOના મોતની ઘટનાઓ પણ સામે આવી રહી છે. જેને લઈને વિપક્ષો ચૂંટણી પંચ અને સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. શનિવારે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આરોપ લગાવ્યો કે સરકાર SIRના બહાને મત આપવાનો અધિકારી છીનવી રહી છે. SIRની પ્રક્રિયા દરમિયાન મૃત્યુ પામનારા BLOની પત્નીને બે લાખ રૂપિયાનું વળતર આપ્યા બાદ અખિલેશ યાદવે પત્રકાર પરિષદ યોજી અને કહ્યું, કે SIR એક સમજી વિચારીને કરેલું ષડયંત્ર છે. બાબા સાહેબ આંબેડકરના બંધારણમાં દરેક નાગરિકને મત આપવાનો અધિકાર અપાયો છે. જે છીનવવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે કે ઉત્તર પ્રદેશના BLO વર્માના નિધન બાદ ઉચ્ચ અધિકારીઓ એવું દબાણ બનાવી રહ્યા છે કે તેમનું મોત ઓન ડ્યુટી નથી થયું. અમે અમારા તરફથી બે લાખ રૂપિયાનો ચેક પરિજનોને આપી રહ્યા છે કે અમારી માંગણી છે કે સરકાર આ પરિવારને એક કરોડ રૂપિયાનું વળતર આપે તથા તેમના પરિવારના સદસ્યને સરકારી નોકરી આપવામાં આવે તથા વિવિધ સરકારી યોજનાઓ હેઠળ પણ મદદ કરવામાં આવે. અખિલેશ યાદવે કહ્યું, કે અમે પહેલેથી જ માંગ કરી રહ્યા છે કે BLO પર કોઈ પ્રકારનું દબાણ કરશો નહીં. આ સંવેદનશીલ કાર્ય છે જેમાં જવાબદારીપૂર્વક સાવચેતીથી કાર્ય કરવું પડે. એક વખત જો ફૉર્મ રદ થઈ ગયું તો લોકોએ દસ્તાવેજો લઈને આમતેમ ધક્કા ખાવા જવું પડશે. અખિલેશ યાદવે ચૂંટણી પંચ પર આરોપ લગાવતા કહ્યું, કે SIR કરાવવામાં ભાજપને આટલી ઉતાવળ કેમ છે? આ કાંડમાં ચૂંટણી પંચની પણ મિલીભગત છે. અત્યારે લગ્નગાળો ચાલી રહ્યો છે. સૌ કોઈ વિવિધ પ્રસંગમાં વ્યસ્ત છે. એવામાં SIRની આટલી ઉતાવળ કેમ કરવામાં આવી રહી છે.

## દિતવાહ વાવાઝોડાના કારણે ૩ દિવસથી કોલંબો એરપોર્ટ પર ફસાયા ૩૦૦ ભારતીયો, શ્રીલંકામાં ૧૨૩ના મોત



વિનાશક 'દિતવાહ' વાવાઝોડાના કારણે પડોશી દેશ શ્રીલંકામાં ભયંકર વિનાશ થયો છે, જ્યાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૨૩ લોકોના મોત થયાના અહેવાલ છે. હાલમાં, શ્રીલંકામાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. હવે આ ભયાનક વાવાઝોડું ભારત તરફ આગળ વધી રહ્યું છે.વાવાઝોડાના કારણે ભારત અને શ્રીલંકા વચ્ચેની ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આ ફ્લાઈટ્સ રદ થવાને લીધે લગભગ ૩૦૦ ભારતીય મુસાફરો છેલ્લા ત્રણ દિવસથી કોલંબોના બંદારનાયકે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફસાયેલા છે. આ ફસાયેલા મુસાફરોમાં આશરે ૧૫૦ લોકો તમિલનાડુના છે, જેઓ દુબઈથી શ્રીલંકા થઈને ભારત આવી રહ્યા હતા.એરપોર્ટ પર ફસાયેલા મુસાફરોએ ગંભીર આરોપો લગાવ્યા છે કે ખરાબ હવામાન અને ઓપરેશનમાં અવરોધના કારણે તેમને ખોરાક, પાણી અને અન્ય મૂળભૂત સુવિધાઓ પણ પૂરતા પ્રમાણમાં મળી રહી નથી. આ અંગે તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને તાત્કાલિક પગલું ભરતા જાહેર વિભાગના સચિવને કોલંબોમાં ભારતીય દૂતાવાસ સાથે સંકલન કરવા અને ફસાયેલા તમિલ મુસાફરોની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરવા માટે નિર્દેશ આપ્યો છે. અધિકારીઓએ ભારતીય હાઈ કમિશન સાથે વાતચીત કરીને એરપોર્ટ પર મુશ્કેલીઓનો સામનો કરી રહેલા મુસાફરો માટે મદદની માગ કરી છે. ભારત સરકારે પણ વાવાઝોડાથી પ્રભાવિત શ્રીલંકાને માનવતાવાદી મદદ પહોંચાડી છે. પીએમ મોદીએ પણ આ વાવાઝોડાના કારણે મૃત્યુ પામેલા લોકો માટે દુ:ખ વ્યક્ત કર્યું હતું અને શ્રીલંકાને ઈમરજન્સી સહાય મોકલી હતી.ભારતીય હવામાન વિભાગ(IMD) અનુસાર, શ્રીલંકામાં વિનાશ કર્યા બાદ 'દિતવાહ' વાવાઝોડું હવે ભારતના ઉત્તરી તમિલનાડુ, પુડુચેરી અને દક્ષિણી આંધ્ર પ્રદેશના દરિયાકિનારા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. IMDએ આ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદનું એલર્ટ પણ જાહેર કર્યું છે.

## હવે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના નહીં મળે કફ સિરપ



મધ્ય પ્રદેશમાં તાજેતરમાં કફ સિરપ પીવાથી થયેલા બાળકોના મોતની ગંભીર નોંધ લેતા કેન્દ્ર સરકારે એક મોટો અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવેથી દેશભરના દવા વિક્રેતાઓ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન (ચિઠ્ઠી) વગર કફ સિરપનું વેચાણ કરી શકશે નહીં. સરકારની સર્વોચ્ચ નિયામક સંસ્થા, ઔષધ પરામર્શ સમિતિએ પોતાની ૬૭મી બેઠકમાં કફ સિરપના અનિયંત્રિત વેચાણ પર રોક લગાવવાના આ નિર્ણયને મંજૂરી આપી દીધી છે.અત્યાર સુધી મોટાભાગના કફ સિરપ 'ઓવર ધ કાઉન્ટર' (પ્રિસ્ક્રિપ્શન વિના) સરળતાથી મળી જતા હતા, પરંતુ હવે આ નવા નિયમથી તેના પર લગામ લાગશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે લોકો સીધા મેડિકલ સ્ટોર પરથી દવા ખરીદવાને બદલે ડૉક્ટરની સલાહ અને પ્રિસ્ક્રિપ્શનના આધારે જ દવાઓ લે. તાજેતરમાં મધ્ય પ્રદેશના છિંદવાડા અને આસપાસના જિલ્લાઓમાં 'કોલ્ડ્રિફ' નામની કફ સિરપ પીધા બાદ કિડની ફેલ થવાથી ઓછામાં ઓછા ૨૪ બાળકોના મોત થયા હતા. આ સિવાય રાજસ્થાન અને ગુજરાત જેવા અન્ય રાજ્યોમાં પણ આવા જ મામલા સામે આવ્યા હતા.આંતરરાષ્ટ્રીય છબી: ભારતની બહાર પણ ભારતમાં બનેલી કફ સિરપ પીવાથી બાળકોના મોતની ઘટનાઓ બની હતી, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વિશ્વની ફાર્મસી તરીકેની છબી ખરડાઈ રહી હતી. ખાસ કરીને ઉઝબેકિસ્તાનમાં ભારતીય કફ સિરપ પીવાથી ૬૮ બાળકોના મોત થયા હતા, જ્યારે ઈન્ડોનેશિયામાં ૨૦૨૨-૨૩ દરમિયાન ૨૦૦થી વધુ બાળકો મૃત્યુ પામ્યા હતા. ગામ્બિયામાં પણ આવી જ ઘટનાઓ નોંધાઈ હતી.આ નિર્ણયનો એક ફાયદો એ પણ છે કે કફ સિરપનો નશા માટે થતા દુરુપયોગ પર રોક લાગશે. આ ઉપરાંત, ડૉક્ટરની સલાહ વિના લોકો ઘણીવાર બિનજરૂરી રીતે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરે છે, જેના કારણે શરીરમાં એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ (દવાઓની અસર ન થવી) જેવી ગંભીર સમસ્યાઓ ઊભી થાય છે. આ નવા નિયમથી તેના પર પણ નિયંત્રણ આવશે.ઉલ્લેખનીય છે કે આ ઘટનાઓ બાદ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ ભારતમાં બનેલી ત્રણ ભેળસેળવાળી દવાઓની ઓળખ કરી હતી, જેમાં શ્રીસન ફાર્માસ્યુટિકલ્સની 'કોલ્ડ્રિફ', રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સની 'રેસ્પિફ્રેશ ટીઆર' અને શેપ ફાર્માની 'રીલાઈફ'નો સમાવેશ થતો હતો.

## તંત્રી લેખ......

### નિયમનકારી સંસ્થાને સરકારી માન્યતા માટે ડિજિટલ ગોલ્ડ કંપનીઓની રજૂઆત

સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની આવી પડેલી ચેતવણી બાદ ડિજિટલ ગોલ્ડ કંપનીઓ પોતાની નિયમનકારી સંસ્થા (એસઆરઓ)ની રચના કરવા હિલચાલ ધરાયા બાદ આ કંપનીઓ દ્વારા સૂચિત એસઆરઓને માન્યતા મળે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને આ સંદર્ભમાં નાણાં મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ડિજિટલ ગોલ્ડનો વેપાર કરતી કંપનીઓએ માત્ર નિયુકત બેન્કો મારફત જ વેપાર કરવાની પણ નાણાં મંત્રાલયને ખાતરી આપી હોવાનું આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું.

ગ્રાહક દ્વારા ખરીદાયેલા ડિજિટલ ગોલ્ડ જેટલું જ હાજર સોનુ વોલ્ટમાં રખાયું છે કે નહીં તેની પણ પેનલ પર નિશ્ચિત કરાયેલા ઓડિટરો ખાતરી રાખશે એમ નાણાં મંત્રાલય સમક્ષ કરાયેલી રજૂઆતમાં જણાવાયું હતું. દેશમાં ડિજિટલ ગોલ્ડ ઉદ્યોગનું કદ અંદાજે રૂપિયા ૫૫૦૦૦ કરોડ જેટલું છે. ડિજિટલ ગોલ્ડ હાલમાં અનિયંત્રિત ઉદ્યોગ છે એમ જણાવી સેબીએ તાજેતરમાં તેમાં રોકાણ કરતા રોકાણકારોને ચેતવણી આપી હતી.

ગોલ્ડ મેન્યુફેકચરિંગ એન્ડ સેફકીપિંગ કંપનીસ, એમએમટીસી-પીએએમપી સહિતની આગેવાન કંપનીઓ એક એવી સંસ્થા ઊભી કરવાની વિચારણા કરી રહી છે જે ઉદ્યોગ માટે માર્ગદર્શિકા ઘડી કાઢવા તથા સ્વનિયમન માટે માળખાની રચના કરવા દરખાસ્ત ધરાવે છે.

યુપીઆઈના ઉપયોગ દ્વારા ડિજિટલ ગોલ્ડની ખરીદી ગયા મહિને ૬૦ ટકા જેટલી ઘટી વર્તમાન વર્ષના તળિયે રહી હતી. ડિજિટલ ગોલ્ડ પર કોઈ નિયમન નહીં હેવાની વારંવારની ચેતવણીને પગલે ખરીદી પર અસર પડી હોવાનું માનવામાં આવે છે.

ડિજિટલ ગોલ્ડનું વેચાણ કરતી કંપની જો બંધ પડી જાય તો તેવા કિસ્સામાં રોકાણકારોએ સહન કરવાનો વારો આવી શકે છે, તે હકીકતને ધ્યાનમાં રાખી વિવિધ સ્તરેથી તેની સામે ચેતવણી ઉચ્ચારવામાં આવી રહી છે.

# બાળકના નામ પાછળ માતાનું નામ અટક લખાવી શકાશે

જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ તેમજ નવા સુધારા ૨૦૧૮ તેમજ ૧/૧૦/૨૩ ના સુધારા મુજબ ભારતમાં જન્મનાર દરેક બાળકની નોંધણી રજીસ્ટર રૂબરૂમાં કરવી ફરજિયાત છે. જે મુજબ કલમ ૧૬ ની પેટા કલમ (૧) હેઠળ રાજ્ય સરકારે કરવેલા નમૂનામાં નામ દાખલ કરવાની જુદી જુદી વિગતો તારીખ સમય માતા-પિતાના નામ લખવા ફરજિયાત જેમાં ગુજરાત હાઈકોર્ટ ચૂકાદો આપી સુધારો કરેલ છે કે બાળકના નામની પાછળ માતા પિતા નું નામ કે અટક લખવુ ફરજિયાત નથી. બાળક માતાની અટક અને નામ પણ તેની પાછળ લખાવી શકે છે.

૨૦૦૭ ના નિયમો મુજબ જન્મ મરણની નોંધમાં રજીસ્ટર દ્વારા માત્ર એકજ વાર ચુકાદો કરી શકાતો હતો હવે નવા પરિપત્ર મુજબ સંજોગો અને નિયમો બદલાય ત્યારે યોગ્ય આધાર પુરાવા રજૂ કરીને ફરિયાદ પણ જરૂરી સુધારા કરી શકાય. મરણના પ્રમાણપત્રમાં પણ મરનાર ના નામ પાછળ પિતાનું કે પતિનું નામ લખવું હવેથી વૈકલ્પિક ગણાશે. રાજયના તમામ જીલ્લા રજીસ્ટાર મહાનગરપાલિકા અને નગરપાલિકાના અધિનિયમો ને એડવાઈઝરીનો તાત્કાલિક અમલ કરવા જણાવેલ છે.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૨૫ મી નવેમ્બરે નિર્ણય કરવામાં આવ્યો છે જે મુજબ જન્મ અને મરણના દાખલામાં નામ સુધારો કરવા પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં આવશે. જે લગત ૨૬ નવેમ્બરે એક એડવાઈઝરી રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. આ નવા નિયમો મુજબ છુટાછેડા લીધેલ દંપતિઓ અને સિંગલ પેરેન્ટ્સ એક નામમાં અટક કે ક્રમ બદલવા માંગતા અરજદારો માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.જે મુજબ દંપતિ વચ્ચે છૂટાછેડા થયા હોય અને કોર્ટમાં આદેશ મુજબ બાળકની કસ્ટડી માતા પાસે હોય તો તેવા કિસ્સામાં બાળકના જન્મના પ્રમાણપત્રમાં બાળકની નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખી શકાશે. પિતાના નામની જે કોલમ હોય છે તેમાંથી બાળકના જૈવિક પિતાનું નામ દુર કરી શકાશે ત્યાં ફરજિયાત પિતાનું જ નામ લખવાનું રહેશે.

જે માતા પિતા અને બાળક બંને સાથે રહેતા હોય તો પણ તે જો તેઓ ઈચ્છે તો બાળકના નામની પાછળ પિતાના નામને બદલે માતાનું નામ તથા માતાની અટક રાખી શકશે. જો અરજદાર ઈચ્છે તો બાળકના નામ પાછળ પિતાનું નામ અને લાસ્ટ નેમ (અટક) બીજો લખવાનું ટાળી શકે છે. અને તે વૈકલ્પિક રહેશે એટલે કે દાખલામાં ફક્ત બાળકનું નામ જ રાખી શકાશે.

હવેથી બાળકના નામમાં પ્રથમ અટક વચ્ચે બાળકનું નામ અને છેલ્લે પિતાનું નામ રાખવું હોય તો તે પણ માન્ય ગણાશે. પિતા અને બાળકની અટક અલગ અલગ રાખવી હોય તો તે સરકારી ગેઝેટ અને પુરાવાના આધારે તેમાં સુધારો થઈ શકશે.

મરણના પ્રમાણપત્રમાં પણ મરનારના નામ પાછળ પિતા કે પતિનું નામ અને અટક લખાવી વૈકલ્પિક રહેશે.

નવા નિયમમાં છુટાછેડા લીધેલ પેરેન્ટ સિંગલ પેરેન્ટ્સ અને નામ અટકમાં બદલવા માંગતા અરજદારો માટે સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડતા હાઈકોર્ટે ૨૦૨૩ મા કરાવેલ સુધારા માન્ય ગણાવેલ છે જેમા મરણની નોંધ એક વર્ષ બાદ કરવામાં આવે તો તપાસની સત્તા પહેલા નિતિક સંન્મતી ન્યાયાધીક મેજીસ્ટ્રેટ પાસે હતી જે હવે કાર્યકારી મેજીસ્ટ્રેટ, જીલ્લા મેજીસ્ટ્રેટ ને આપવામા આવી છે.

તાજેતરમા પટેલ ઘનશ્યામભાઇ ગાંડાભાઈ વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ ગુજરાત ના કેસોમા રજીસ્ટ્રારને અન્નક વ્યવહાર માટે રૂ.૧૧ ફી તેમજ કલમ ૧૫ મુજબ સુધારો કરવાની જવાબદારી રજીસ્ટ્રારની હોવાનુ હાઈકોર્ટે જણાવેલ છે. જે મુજબ રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એકટ૧૯૬૯ ના મુજબ સુધારો કરવા મહત્વપૂર્ણ ચૂકાદો આપેલ છે. જેનાથી નામ અટક તથા પિતાની જગ્યાએ પાછળ માતાનુ નામ લખવાની કાર્યવાહી સરળ બનશે.

**કાયદાની કલમ**



લેખકઃ ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

# દરેક ક્ષેત્રમાં પ્રોફેશનલ ચિંતન શિબિરોનો ટ્રેન્ડ એ આજના જગત સાથે ટકી રહેવા મથતા માનવીને રંગીન અને સંગીન રાખવાનો એક અનિવાર્ય તકાજો છે

(અંક નંબર ૫૨૫)

માણસ થોડો રંગીન હોવો જોઈએ....
ના ઉદાસીન ના માયુસ ના એ ગમગીન હોવો જોઈએ,
માણસ તો મસ્ત, મૌજી ને થોડો રંગીન હોવો જોઈએ.
વેદના તો વળગેલી રહેશે વૈતાલ ની જેમ પીઠ પાછળ,
હસી ને હળવું કરી નાખે એવો હસીન હોવો જોઈએ.
સાવ સીધા રહો તો આ જગત ફેંકી દેશે જડમુળ થી,
માટે જ તેજ તરરાર ને થોડો તમાશબીન હોવો જોઈએ.
વાતે વાતે જો એ રડ્યા જ કરે તો આપણે શું સમજવો ?
થોડો ધીર, થોડો ગંભીર ને થોડો નમકીન હોવો જોઈએ.
સાદગીના ચક્કરમાં છોડી દે બધી મોજમસ્તી એ ના ચાલે,
જમાનાની રાહે ચાલે એવો થોડો શોખીન હોવો જોઈએ.
ચહેરો ભલે હોય કુરૂપ ને ખરબચડો પણ સ્વભાવ નું શું ?
એતો સાદો સરળ, સાલસ ને થોડો સંગીન હોવો જોઈએ.
આસ્તિક હોય કે નાસ્તિક કોઈ ફરક પડતો નથી જગતને,
મિત્ર એ તો બહુ આયામી ને બહેતરીન હોવો જોઈએ.
વિનોદ સોલંકી મિત્ર લખતર.

જ્ઞાનના આધારે માહિતી આપો, પ્રોફેશનલ બની કમાણી મેળવો! માત્ર માહિતી અને વિષયજ્ઞાનની આવડતનો ફેલાવો એ શારીરિક પરિશ્રમ કરતાં અનેક ઘણો મોટો રોજગાર બની ચૂક્યો છે.

મિત્રો,સમય સંપૂર્ણ બદલાઈ ગયો છે હવે શરીરનો પરસેવો પાડીને મજૂરી કરીને કમાણી કરવાનો આખો યુગ ગયો સમજો!!

શારીરિક મજુરી કરવા હવે કોઇ તૈયાર પણ નથી...તેનો વિકલ્પ આધુનિક એઆઇ ટેકનોલોજી સાથેના યંત્રો તરીકે આવી ગયો છે. રાજકારણમાં પણ ચિંતન શિબિરોનો ટ્રેન્ડ થઈ ગયો છે.

આજનો જમાનો જ્ઞાન,સમય,માહિતી અને કૌશલ્ય વેચવાનો અને ખરીદ કરવાનો છે. જેના દ્વારા આ યુગમાં અઢળક પૈસાની કમાણી થઈ રહી છે અને અઢળક પૈસા ખર્ચાઈ પણ રહયા છે. જગત આખું માહિતીના આધારે દોડવા લાગ્યું છે. જ્ઞાન, આધ્યાત્મિકતા, મૂલ્યો અને મોક્ષની વાતો છોડીને સમગ્ર વિશ્વ માત્ર માહિતીની જાણકારી અને એના આધારે થઈ રહેલું સંચાલન જાણવાની પદ્ધતિ ઉપર દોડી રહ્યું છે, એ ક્યાં જઈને અટકશે એ તો ખબર નથી પરંતુ જો તમારી પાસે માહિતીને પીરસવાનું જ્ઞાન હોય,તમારી જાણમાં હોય તેવી માહિતીને આધુનિક સમયના જ્ઞાનનું સ્વરૂપ બનાવવાની આવડત હોય તો એ કમાણી નું શ્રેષ્ઠ સાધન બની જાય છે!!!

અસંખ્ય લોકો બેઠા બેઠા પોતાનો રોજગાર મેળવી રહ્યા છે. ગ્રામ્ય જીવન અને શહેરી જીવનથી પણ એક અલગ જીવન એટલે કે નેટજીવન સંપૂર્ણ પણે અસ્તિત્વમાં આવી ચૂક્યું છે.

શું તમે કંઈ જાણો છો અને વ્યક્ત કરી શકો છો? શું તમે કંઈ લખી કે બોલી શકો છો? તો એની જાણકારી નેટના માધ્યમ દ્વારા અસંખ્ય લોકો સુધી પહોંચાડવાનો એક વિશિષ્ટ પ્રકારનો બિઝનેસ એટલે કે રોજગાર ચાલી રહ્યો છે.

અસંખ્ય લોકો માત્ર ટેકનોલોજીના આધારે પોતાની દુકાનો, પેઢીઓ,કંપનીઓ,ઉત્પાદનો ના કારખાના,આધુનિક ખેતી,ધંધા

રોજગાર, ઘરનો અને સરકારનો વહીવટ....ચલાવી રહ્યા છે.

પ્રશ્ન એમ થાય છે કે તો પછી કામ કોણ કરે છે? તો કામ હવે ના સમયમાં માત્ર યંત્રો કરે છે. એ યંત્રો ને ચલાવવાની જાણકારી અને લોકોને શું જરૂર છે તેની માહિતીનું જ્ઞાન જેની પાસે છે એ લોકો અઢળક પૈસા કમાઈ રહ્યા છે. લોકો સુધી જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડવા માટે એક આખો નવો ટ્રેન્ડ સમગ્ર વિશ્વ કક્ષાએ વિકાસ પામી ચૂક્યો છે.

ચોપાનિયા,સમાચાર પત્રોમાં કે ટીવી પર આવતી જાહેરાતોથી આગળ વધીને મોબાઈલ ફોન પર વ્યક્તિગત લોકો સુધી જાહેરાતો પહોંચતી કરવા માટે એક આખું અલગ કરોડોનું સેક્ટર ચાલે છે. લોકોની માહિતીના ડેટા અબજો રૂપિયાના ભાવે ઉત્પાદકો અને વપરાશકર્તાઓ સુધી પહોંચે છે. આ પહોચાડનાર વ્યક્તિઓ અધધ પ્રમાણમાં રોજગાર મેળવે છે. ડેટાના આધારે વેચાણ કરનાર કે ખરીદ કરનાર લોકો પાસેથી કંપનીઓ કમાણી કરે છે. ખરીદ કરનાર લોકો સુધી વસ્તુ પહોંચાડનાર લોકો કમાણી કરે છે. અને વચેટિયા તો અધધધ કમાય છે... એક સરસ મજાનું અદ્રશ્ય બજાર સમગ્ર વિશ્વમાં અસ્તિત્વ પામી ચૂક્યું છે.

ઘણીવાર તો એમ લાગે છે કે બે હાથ કે પગની મજૂરીનું મહત્વ એટલું બધું ઘટી ગયું છે કે ભવિષ્યમાં હાથ,પગ, આંગળીઓ અને પેન પણ પોતાનું અસ્તિત્વ ગુમાવી દેશે તેવી દહેશત વર્તાય રહી છે!!!.

મગજમાં આવતા ગમે તેવા વિચારો, બોલવા માટે જીભ અને જોવા માટેની આંખો એટલી બધી કમાણી કરાવી રહી છે જે અધધ પ્રમાણમાં છે.

જગત આખું જન્મજાત જ ભણેલું અવતરવા લાગ્યું છે!!.કોઈ કોઈને ભણાવી શકે એ ભૂતકાળ થઈ ગયો લાગે છે. માત્ર ને માત્ર શિષ્ટ અને વિશિષ્ટ માહિતીનું નિરૂપણ અને લોકોને એની તરફ વાળવાની આવડત સતત જે લોકો પાસે છે તેવા લોકો જ આ યુગમાં શરીરનો પરસેવો પાડ્યા વિના પણ અઢળક કમાણી કરવા લાગ્યા છે.

એક સમય હતો કે જે શરીરનો પરસેવો પાડીને કામ કરે તે કમાણી કરી શકતો હતો એનું મહત્વ પણ હતું. પરંતુ હવે તેની જગ્યાએ યંત્ર યુગ અને ટેકનોલોજી આવવાને કારણે માત્ર એનું સંચાલન કરી શકે તેવા બુદ્ધિશાળી લોકો સૌથી આગળ વધવા લાગ્યા છે. એવી વિશાળ કંપનીઓ જોવા મળી રહી છે કે જ્યાં એકપણ શ્રમજીવી મજૂર જોવા મળતા નથી, માત્ર યંત્રો દ્વારા મોટી મોટી કંપનીઓ,ગાડીઓ અને ઈન્સ્ટ્રાસ્ટ્રક્ચર ચાલી રહ્યું છે,જે ચલાવનાર વ્યક્તિઓ એસી ચેમ્બરમાં બેસીને માત્ર ટેકનોલોજીના આધારે યંત્રોને ઓર્ડર આપી રહ્યા છે.

સમગ્ર વિશ્વની અંદર ગુગલ સર્ચના આધારે કઈ જગ્યાએ શું થઈ રહ્યું છે? તેની માહિતી લોકો સુધી પહોંચાડનારા અઢળક કમાણી કરી રહ્યા છે. એ સિવાય જે પોતે જન્મજાત જ્ઞાનના આધારે માહિતી ડેવલોપ કરે છે અને લોકો સમક્ષ નેટના માધ્યમથી મૂકે છે એવા લોકો પણ કમાણી કરી રહ્યા છે. હવે ના સમયમાં આખું નાણાં સેક્ટર વ્યક્તિના ગજવામાં છે. કોઈ પણ સરકારી કે પ્રાઈવેટ ખાતાની વિગતો મેળવવા અથવા એમાં ઉમેરો કરવો એ પણ મોબાઈલ ઉપર શક્ય બની ગયો છે.

અરે !! મેડિકલ ક્ષેત્રમાં પણ ઘેરબેઠાં દવાઓ મેળવી શકાય એવી આધુનિક ટેકનોલોજી આવી ગઈ છે,આવા સંજોગોમાં માનવ બુદ્ધિનું મહત્વ વધી જાય પરિશ્રમનું મહત્વ ઘટે એ સ્વાભાવિક છે. જેમની પાસે શ્રેષ્ઠ મૂલ્યો છે એમના ભાગે માત્ર મજૂરી જ આવે છે!! જેમની પાસે મૂલ્યો જેવું કંઈ જ નથી પરંતુ આવડત છે એ લોકો સુવિધાયુક્ત અને શ્રેષ્ઠ જીવન જીવવા લાગ્યા છે!!

મૂલ્યો અને જ્ઞાન વ્યકિતને મોક્ષ તરફ લઈ જાય,આધ્યાત્મિક રીતે આત્માને સંતોષ થાય એવી વાતો સાચી હોય તો પણ આજના જમાનામાં સૌએ આધુનિક સંપત્તિ સાથે જીવવું છે!! મોટા મોટા સંતો અને મહંતો મૂલ્યોનું જ્ઞાન પીરસતા હોવા છતાં આધુનિક સુખ સગવડો અને ભોગ ભોગવવા અને પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારના ટેકનિકલ રસ્તાઓ પણ અપનાવે છે.

ગાડીઓ, બંગલા અને આધુનિક સાધનો વગરનું જીવન હવે કોઈજ જીવવા માગતું નથી. મજૂરી કરીને બે ટંકનું પેટ ભરતા મજૂરો પણ આધુનિક સગવડોનો મોહ રાખે છે!! જે સ્વાભાવિક પણ છે. આધુનિક સગવડો પ્રાપ્ત કરવા માટે બે હાથની મજૂરી હવે કામ લાગતી જ નથી.

બે ટંકનું પેટ ભરવા જીવન જીવતો વ્યક્તિ પરિશ્રમથી ક્યારેય પૂરું કરી શકતો નથી.સમગ્ર જગતની દોડ આધુનિકતા તરફ છે તેવા સમયે અન્ય રસ્તાઓ અપનાવવા તરફ દોડ ચાલી રહી છે!! જેના આપણે સૌ પણ ભાગ બન્યા છીએ.

વર્ગ શિક્ષણની અંદર શ્રેષ્ઠ જીવન જીવવાની કળા શીખવતો શિક્ષક હવે સફળ થઈ શકવાનો નથી !! જ્યાંથી પણ મળે ત્યાંથી આવડત પ્રાપ્ત કરીને જીવન જીવતો વ્યક્તિ આયખું પસાર કરવા સફળ થઈ શકે છે એ સિદ્ધ થવા લાગ્યું છે, એવા સમયે મોટી મોટી વાતો માત્ર થી કંઈ જ વળવાનું નથી કારણ કે આજના જમાના ના બુદ્ધિજીવી લોકોએ મજૂરો પાસેથી યંત્રો દ્વારા

મોટાભાગની મજૂરી છીનવી લીધી છે.

દરેક પ્રકારનું મજૂરી નું કાર્ય હવે માત્ર યંત્રો દ્વારા થવા લાગ્યું છે.

આ સમયમાં જે લોકો મગજથી માહિતી મેળવી તેને આવડત કે કૌશલ્ય બનાવી જગતમાં વેચાણ કરશે તે જ લોકો ટકી શકશે એ દેખાઈ રહ્યું છે. આપણા સંતાનોને આ સમયમાં શ્રેષ્ઠ મૂલ્યોની સાથે શ્રેષ્ઠ આવડત શીખવવી ખૂબ જરૂરી થઈ પડશે.

હવે ના સમયમાં માત્ર શારીરિક મજૂરી કરતા લોકો ક્યાંય ટકી શકવાના નથી, માત્ર ટેકનીકથી મજૂરી કરતા લોકો,માહિતીથી અપડેટ લોકો,માહિતીને આવડતના ધોરણે પૈસા લઈને વેચાણ કરનાર લોકો જ ટકી શકવાના છે એ નક્કી છે!!!

પ્રશ્ન એ થાય છે કે આવડત કેવા પ્રકારની? તો મિત્રો,સમગ્ર વિશ્વને ટેકનોલોજીથી ઓનલાઇન સંપર્ક દ્વારા એપસ્, રીલ, શિક્ષણ, વિચારો, વાણી, સંગીત, ગાયન, અવાજ, ભાષા,બોલી,અભિનય, નાટક,ચેટિંગ, સેલ્સ,વચેટિયા, પ્રોજેક્ટ મેકિગં, ટેકનોલોજીની ડિઝાઈન,ચિત્રો, મોટીવેશનલ સ્પીકર, રાઈટર્સ,મિડિયા,માઈન્ડ કન્વિન્સ ગેઈમ, પ્રેઝન્ટેશન,પોતાના વ્યકિતગત કૌશલ્યો,જીવન જરૂરી અને શ્રમકાર્ય સહજ કરવાની ડિઝાઈનો.. વિગેરે....વિગેરે...હજારો પ્રકારે લોકો સુધી સહજ પહોચવાની હિંમત સાથે કરો ખૂદની આવડતનો વેપાર... રામે... રામ.

**મેનેજિંગ તંત્રી**



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# ડેડીયાપાડાના આંબાવાડીમાં નૂતન વર્ષ સ્નેહ મિલન યોજાયું




ધરમસીગ વસાવા - ડેડીયાપાડાના આંબાવાડી જિલ્લા પંચાયત ખાતે નૂતન વર્ષના ઉપલક્ષમાં સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરૂચ લોકસભાના સાંસદ શ્રી મનસુખ વસાવા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી શ્રી મોતીભાઈ વસાવા, પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવા, નર્મદા જિલ્લા બાંધકામ સમિતિ ચેરમેન શ્રી ખાનસિંગ વસાવા, મંડલ પ્રમુખ શ્રી મનસુખ વસાવા, મહામંત્રી શ્રી રમેશ વસાવા, શ્રી મોહનભાઈ વસાવા, યુવા મોરચા મહામંત્રી શ્રી લાલસીંગ વસાવા સહિત સંગઠનના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ જોડાયા હતા.સમારોહમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને સાધુ-સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકબીજાને નૂતન વર્ષની શુભકામનાઓ આપીને સામાજિક એકતાના દર્શન કરાવ્યા હતા.-અખંડ ભારત

# ઝાલોદમાં ૧૦.૩૩ કરોડના ખર્ચે ૩૬ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરાયું



પપ્પુ ડામોર -મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, દાહોદ જિલ્લામાં માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા ઝાલોદ તાલુકામાં રોડ નેટવર્કને મજબૂત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.આ અંતર્ગત, ઝાલોદ તાલુકાના ૧૦.૩૩ કરોડના ખર્ચે મંજૂર થયેલા ૩૬ જેટલા રિસર્ફેસિંગ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.ઝાલોદના ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભુરીયાના વરદ હસ્તે વેલપુરા, ધાવડીયા, ખેડા, બંબેલા, મહુડી છાસીયા, મઘાનીસર સહિતના ગામોમાં આ રસ્તાઓનું વિધિવત ખાતમુહૂર્ત કરાયું હતું.આ નવા માર્ગોના નિર્માણથી અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં અવરજવર સરળ બનશે, મુસાફરીના સમયની બચત થશે અને વિદ્યાર્થીઓ, વેપારીઓ તથા ખેડૂતો સહિત સ્થાનિક લોકોને મોટી સુગમતા પ્રાપ્ત થશે. આ વિકાસકાર્યથી આવાગમનમાં સુરક્ષા અને ઝડપ બંને વધશે, જે વિકસિત ગુજરાતના નિર્માણમાં મહત્વપૂર્ણ સાબિત થશે.-અખંડ ભારત

# સોમનાથના ‘સરસ મેળા‘માં અમરેલીનાં ઝંખનાબેને મેળવી સારી આવક



અંકિતા ગોસ્વામી -કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે ચલાવવામાં આવતા સખી મંડળ અભિયાન થકી અમરેલીના ઝંખનાબેન આજે આત્મનિર્ભર બન્યા છે. સોમનાથના સદ્દભાવના ગ્રાઉન્ડ ખાતે આયોજિત ‘સરસ મેળા‘માં તેમણે પોતાની બનાવટની ચીજવસ્તુઓનું વેચાણ કરીને સારી આવક મેળવી છે.ઝંખનાબેને આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, એક વર્ષ પહેલાં તેમણે અન્ય ૧૦ બહેનો સાથે મળીને ‘માશ્રય આજીવિકા જૂથ‘ નામનું સખી મંડળ બનાવ્યું હતું. આ જૂથના માધ્યમથી તેઓ ખાખરા, અથાણું, મુખવાસ, પાપડ, મીઠાઈ સહિતની વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ તૈયાર કરે છે અને તેનું વેચાણ કરે છે.પોતાના વેચાણને વિસ્તારવા માટે ઝંખનાબેન રાજ્યભરમાં યોજાતા સખી મંડળના મેળાઓમાં નિયમિતપણે ભાગ લે છે.સોમનાથ ખાતેના આ સરસ મેળામાં રાજ્યભરમાંથી અંદાજે ૫૦ જેટલાં સખી મંડળ જૂથ દ્વારા પોતાના ઉત્પાદનોના વિવિધ સ્ટોલ લગાવવામાં આવ્યાં છે, જેના દ્વારા ગ્રામ્ય અને શહેરી મહિલાઓ પોતાના ઉદ્યોગને પ્રોત્સાહન આપી રહી છે. ઝંખનાબેનનો આ પ્રયાસ અન્ય મહિલાઓ માટે પણ પ્રેરણારૂપ બન્યો છે.-અખંડ ભારત

# માંડવીના આમલી ડેમ પર ‘ઈકો કેમ્પ સાઈટ‘ ટૂંક સમયમાં શરૂ: કુદરત પ્રેમીઓ માટે નવું આકર્ષણ



રાજેશ ચૌધરી -સુરત જિલ્લાના માંડવી તાલુકાના આમલી ડેમ વિસ્તારમાં કુદરત પ્રેમીઓ માટે આમલી ડેમ ઈકો કેમ્પ સાઈટ ટૂંક સમયમાં લોકાર્પિત થવા જઈ રહી છે. આ નવી ઈકો ટુરિઝમ કેમ્પ સાઈટ એડવેન્ચર, શાંતિ અને કેમ્પિંગનો અનુભવ કરાવશે.આ સ્થળ ખાસ કરીને નેચર લવર્સ, ટ્રેકિંગ પ્રેમીઓ અને બર્ડ વોચર્સ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. અહી કેમ્પિંગ, બોનફાયર, ટ્રેકિંગ અને નેચર ટૂર જેવી રોમાંચક પ્રવૃત્તિઓ ઉપલબ્ધ રહેશે.વન વિભાગની આ પહેલ પર્યાવરણનું સંરક્ષણ, સ્થાનિક જનતા માટે રોજગાર અને ગ્રીન ટુરિઝમને પ્રોત્સાહન આપવાના હેતુથી શરૂ કરવામાં આવી છે. આ સાઈટ સુરત અને આસપાસના જિલ્લાઓના પ્રવાસીઓ માટે નવું હોટસ્પોટ બનવાની શક્યતા છે.-અખંડ ભારત

# બાવળામાં લોહિયાળ બનાવ: પાડોશી સાથેની બોલાચાલીમાં છરીના ઘા ઝીંકાતા યુવકનું કરુણ મોત



શૈલેષ પ્રજાપતિ -ગઈ કાલે રાત્રે લગભગ ૨૨:૧૫ કલાકે બાવળાના શ્યામ કોમ્પ્લેક્સ વિસ્તારમાં એક ગંભીર ખૂનની ઘટના સામે આવી છે. પાડોશીઓ વચ્ચેની સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક યુવકની છરીના ઘા ઝીંકાવાથી કરુણ મોત નીપજ્યું હતું.પોલીસના પ્રાથમિક સૂત્રો અનુસાર, મૃતક પ્રદીપસિંહ પ્રભાતસિંહ ચૌહાણ (ઉંમર ૩૬, રહે: બાવળા, મૂળ—ચિયાડા) અને તેમના ભાઈ ભાડૂઆત રવીન્દ્રસિંહને લગતા એક મુદ્દે પાડોશમાં રહેતા સુરેશ નંદલાલ ઠક્કર (ઉંમર ૪૮, રહે — શ્યામ કોમ્પ્લેક્સ, બાવળા) સાથે ઝગડો થયો હતો.પ્રાથમિક માહિતી મુજબ, આ ઝઘડો ઉગ્ર બનતા સુરેશ ઠક્કરે ઉશ્કેરાઈને પોતાના ઘરમાંથી છરી જેવું ધારદાર હથિયાર લાવીને પ્રદીપસિંહની છાતીમાં બે ઘા મારી દીધા હતા. છરીના ઘા વાગવાથી ગંભીર રીતે ઘાયલ થયેલા પ્રદીપસિંહને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.આ ઘટના અંગે બાવળા પોલીસે ખૂનનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ ચાલુ છે.-અખંડ ભારત

# જામનગરમાં જાણીતા બિલ્ડર લાલાભાઈ ગોરીયાના ઘરે EDના દરોડા, શહેરમાં ખળભળાટ






મનીષ પંડયા -જામનગરના પોશ વિસ્તાર જયંત સોસાયટીમાં રહેતા અને ખંભાળિયાના પૂર્વ ધારાસભ્યના ભત્રીજા એવા જાણીતા બિલ્ડર જીતેન્દ્રભાઈ ગોરીયા ઉર્ફે લાલાભાઈના નિવાસસ્થાને શુક્રવારની વહેલી સવારથી જ ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. છેલ્લા બે દિવસમાં જામનગરમાં CBI અને ITના સંયુક્ત ઓપરેશન બાદ EDની રેડ થતા શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. EDની ટીમ દ્વારા પેઢીના દસ્તાવેજો, રોકડ, સોના-ચાંદી અને મની લોન્ડરિંગ સહિતની બાબતો અંગે ઝીણવટભરી તપાસ ચાલી રહી છે, જોકે બિલ્ડર લાલાભાઈ ગોરીયા સર્ચ ઓપરેશન દરમિયાન ગેરહાજર હોવાથી અને પરિવારના સભ્યોના સહકારના અભાવે ED અધિકારીઓ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી આગળ વધારવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે, અને આ પ્રકરણ હાલમાં જામનગરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.-અખંડ ભારત

# જામનગર કો.ઓપ. બેંક દ્વારા હાલાર સહકારિતા સ્નેહમિલન: આત્મનિર્ભરતાના સંકલ્પ સાથે સ્વદેશી જાગૃતિ




મનીષ પંડ્યા -ધી જામનગર ડિસ્ટ્રીકટ કો.ઓપ.બેંક લિમિટેડ દ્વારા તાજેતરમાં સમસ્ત હાલાર સહકારિતા સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત સહકારી ક્ષેત્રના આગેવાનો દ્વારા ઉપસ્થિત સૌને વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સમારોહમાં વિવિધ સ્વદેશી વસ્તુઓનાં સ્ટોલ, સંકલ્પ પત્રો અને સાયબર સાથી બુક સહિતના માધ્યમથી લોકોને પ્રોત્સાહિત અને જાગૃત કરવામાં આવ્યા હતા, તેમજ સૌએ સાથે મળીને હર ઘર સ્વદેશીના નારા સાથે શપથ ગ્રહણ કર્યાં હતાં. આ કાર્યક્રમમાં બેન્કના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી ધરમશીભાઈ ચનીયારા, વાઈસ ચેરમેન શ્રી બળદેવસિંહ પી. જાડેજા, ચેરમેન શ્રી જીતુભાઈ લાલ, જામનગર ગ્રામ્ય ધારાસભ્ય શ્રી રાઘવજીભાઈ પટેલ, જામનગર દક્ષિણ ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી, કાલાવડ ધારાસભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડા, ખંભાળિયા ધારાસભ્ય શ્રી મૂળુભાઈ બેરા, ગુજકોમાસલ સૌરાષ્ટ્ર ઝોન-૨ ઈન્ચાર્જ શ્રી રૂષીભાઈ નથવાણી અને મુખ્ય વક્તા તરીકે ગુજકોમાસલ વાઈસ ચેરમેન શ્રી બિપીનભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં વિવિધ સહકારી આગેવાનો, મંડળીઓના પ્રમુખો, મંત્રીઓ, બેન્કના ઓફીસરો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ABVPના ઋત્વિક પરમારનું આસામ-મેઘાલયમાં વિશેષ સન્માન




રાજેશ ચૌધરી -અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા આયોજિત રાષ્ટ્રીય એકતા યાત્રા ૨૦૨૫ અંતર્ગત ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા સુરત જિલ્લા સંયોજક ઋત્વિક પરમારને પૂર્વોત્તર ભારતના બે રાજ્યો— આસામ અને મેઘાલયની યાત્રાનો વિશિષ્ટ અવસર મળ્યો હતો.દેશભરના કુલ ૬૪ પ્રતિનિધિઓ આ યાત્રામાં જોડાયા હતા, જેનો મુખ્ય હેતુ દુરસ્ત વિસ્તારો વચ્ચે ભાવનાત્મક એકતા, સાંસ્કૃતિક જોડાણ અને રાષ્ટ્રીય એકતાનો મેસેજ મજબૂત કરવાનો છે.યાત્રા દરમિયાન ઋત્વિક પરમારનું આસામ વિધાનસભાના ઉપાધ્યક્ષ ડૉ. નુમાન મોમિન, ABVPના રાષ્ટ્રીય સંગઠન મંત્રી આશિષજી ચૌહાણ, આસામના મંત્રી શ્રીમતી નંદિતા ગોરલોસા અને દિમાહાસો ઑટોનોમસ કાઉન્સિલના CEM દેબોલાલ ગોરલોસા દ્વારા સૌજન્ય સન્માન આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.પ્રતિનિધિઓએ આસામ અને મેઘાલયની શૈક્ષણિક સંસ્થાઓ, પર્યટન સ્થળો અને સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી. હોટેલમાં રહેવાને બદલે સ્થાનિક પરિવારો સાથે રહીને તેમણે ત્યાંની સંસ્કૃતિ, પરંપરા અને જીવનશૈલીનો નિકટ અનુભવ કર્યો હતો.ઋત્વિક પરમારએ ભારપૂર્વક જણાવ્યું કે, પૂર્વોત્તર ભારત અલગ નથી, આપણા ભારતનો જ જીવંત અને સંસ્કૃતિસભર ભાગ છે. અહીંના લોકોનો ભાઈચારો અને કુદરતી સૌંદર્ય અભૂતપૂર્વ છે. યાત્રાનો મુખ્ય સંદેશ અલગ ભાષા, અલગ વેશ — ફિર ભી અપના એક દેશ રહ્યો હતો.-અખંડ ભારત

# દેવગઢ બારીયાના ૧૯૧૯માં બનેલા ઐતિહાસિક ટાવરનો ડંકો ફરી ગુંજ્યો



મોહનભાઈ વણકર -દેવગઢ બારીયા નગરના ગૌરવ સમાન અને વર્ષ ૧૯૧૯માં રાજવીશ્રી દ્વારા નિર્મિત ઐતિહાસિક ટાવરનો ‘સમય અને ડંકા‘ જે લાંબા સમયથી બંધ હતા, તેને નગરપાલિકા પ્રમુખ શ્રી નીલ સોનીના સંકલ્પથી ફરીથી ચાલુ કરવામાં આવ્યા છે. આ ભવ્ય કાર્યક્રમમાં દેવગઢ બારીયા રાજપરિવારની રાજમાતા ઉર્વશી દેવીજી તથા ગજવિજય બાબા સાહેબની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પ્રમુખ શ્રી નીલ સોનીએ જણાવ્યું હતું કે ટાવર એ શહેરની ઓળખ અને વારસો છે, અને નગરપાલિકા તેની જાળવણી માટે વિશેષ આયોજન કરશે. ચીફ ઓફિસર વૈશાલીબેન નિનામા સહિત નગરના આગેવાનો, સભ્યો અને નગરજનોની ઉપસ્થિતિમાં ટાવરના ડંકા ફરીથી વાગતાં જ સમગ્ર શહેરમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ છવાઈ ગયું હતું, જે નગરના ઈતિહાસ, સંસ્કૃતિ અને જનહિતના કાર્યોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો નગરપાલિકાનો સંદેશ સ્પષ્ટ કરે છે.-અખંડ ભારત

# ડ્રાઇવરે કાબૂ ગુમાવતા બોલેરો ગટર લાઈનમાં ઉતરી ગઈ



સંદિપ ગાવિત -ડાંગ જિલ્લાના આહવા ખાતે આવેલા સ્મશાન ઘાટની ઉપરના ભાગમાં ગઈકાલે મોટો અકસ્માત થતા થતા રહી ગયો હતો. ડ્રાઈવરે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા એક મહિન્દ્રા ઠેંફ બોલેરો ગાડી (નંબર GJ 30 A 4853) રોંગ સાઈડમાં જઈને ગટર લાઈનમાં ઉતરી ગઈ હતી.પ્રાથમિક માહિતી મુજબ, ગાડીના ચાલકે અચાનક સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવી દેતાં આ બનાવ બન્યો હતો. સદભાગ્યે, સમયસર બ્રેક લાગી જવાને કારણે કે અન્ય કોઈ કારણોસર મોટો અકસ્માત ટળી ગયો હતો.જોકે, ગાડી ગટર લાઈનમાં ઉતરી જતાં ડ્રાઈવરને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.-અખંડ ભારત

# છોટાઉદેપુરમાં આર્ચરી અને રગ્બી સ્પર્ધા યોજાઈ, વિજેતા ખેલાડીઓ રાજ્ય સ્તરે જશે



ચિરાગ ગુપ્તા -ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા કક્ષાની આર્ચરી (તીરંદાજી) અને રગ્બી સ્પર્ધાનો ભવ્ય આયોજન નસવાડીની એકલવ્ય આર્ચરી એકેડમી ખાતે કરવામાં આવ્યો હતો, જેમાં અંડર—૧૪, અંડર—૧૭ તેમજ ઓપન એજ ગ્રુપના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આર્ચરી ઈવેન્ટમાં અંડર—૧૪ (ભાઈઓ) વિભાગમાં રાજુભાઈ ડૂભીલ (કવાંટ) એ ગોલ્ડ અને (બહેનો) વિભાગમાં રાઠવા ભૂમિકાબેન (કવાંટ) એ ગોલ્ડ મેડલ જીત્યા હતા. જ્યારે રગ્બી અંડર—૧૭ (બહેનો) વિભાગમાં સમલવાટ KGBV ટીમે અને (ભાઈઓ) વિભાગમાં પાંચંબા પ્રાથમિક શાળાએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. સ્પોર્ટ્સ કોઓર્ડિનેટર વાણીયાભાઈ ડૂભીલ, જિલ્લા આર્ચરી કોચ સોનજીભાઈ ડૂભીલ અને ખેલ મહાકુંભનાં કન્વીનર અનિલભાઈ પટેલની મહત્વપૂર્ણ ભૂમિકા સાથે આયોજન સફળ રહ્યું હતું. જિલ્લા કક્ષાએ વિજેતા બનેલા ખેલાડીઓ હવે રાજ્ય સ્તરે છોટાઉદેપુર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે, જેમને કોચ સુરેશભાઈએ શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# આહવા ડેપો મેનેજર કિશોરભાઈ પરમારને બઢતી: વલસાડ બદલી થતાં ભાવુક વિદાય




ઘિસારામ ચૌધરી -એસ.ટી. નિગમમાં અધિકારીઓની ફેરબદલ થતાં સિનિયર ડેપો મેનેજર "A" આહવા તરીકે ફરજ બજાવતા કિશોરભાઈ પરમારને DWS (ડિવિઝનલ વર્કશોપ સુપ્રિટેન્ડેન્ટ) તરીકે વલસાડ વિભાગીય કચેરી ખાતે બઢતી સાથે બદલી મળતાં આહવા એસ.ટી ડેપો ખાતે તેમનો ભાવભીનો વિદાયમાન સમારંભ યોજાયો હતો. આ સાથે જ નવનિયુક્ત ડેપો મેનેજર ગોસ્વામીનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. કિશોરભાઈ પરમારે તેમના કાર્યકાળના ત્રણ વર્ષ દરમિયાન ડાંગ જિલ્લાની દુર્ગમ પરિસ્થિતિ હોવા છતાં પડકાર ઝીલીને પરિવહન ક્ષેત્રે નોંધપાત્ર સુધારો કર્યો હતો, જેમાં નવીન રૂટો અને નવીન બસો સંચાલિત કરીને મુસાફરો અને વિદ્યાર્થીઓને સમયસર અને નિયમિત સેવાઓ પૂરી પાડી હતી. તેમણે વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને જન પ્રશ્નોનું હકારાત્મક સમાધાન કર્યું હતું અને તમામ કર્મચારીઓ સાથે સુમેળ ભર્યું વાતાવરણ કેળવી ડેપોને પ્રગતિ તરફ દોર્યો હતો. વિદાય સમારંભ વેળા કર્મચારીઓએ તેમના સરળ અને હકારાત્મક સ્વભાવથી પ્રભાવિત થઈને પુષ્પગુચ્છ આપી હૃદયસ્પર્શી વિદાય આપી હતી. આ પ્રસંગે કિશોરસિંહે મળેલા સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને ભાવિમાં પરિવહન સેવા વધુ સુગમ બને તે માટે માર્ગદર્શન પૂરું પાડી, એક પ્રામાણિક અને કુશળ અધિકારી તરીકેની છબી સાથે સ્વાભિમાનભેર વિદાય લીધી હતી.-અખંડ ભારત

## ખેલો ઈન્ડિયામાં તન્વી બારડની મોટી સિદ્ધિ: SGSUની ખેલાડીએ સિલ્વર મેડલ જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું




હર્ષદ સુતરિયા -સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી (SGSU), ડેસરની જુડોની ખેલાડી તન્વી બારડે તાજેતરમાં આયોજિત ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવીને સમગ્ર ભારતમાં દ્વિતીય ક્રમ હાંસલ કર્યો છે, જેનાથી યુનિવર્સિટી અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધ્યું છે. ઉલ્લેખનીય છે કે, તન્વીએ આ સિલ્વર મેડલ જીતતા પહેલાં જ સાઉથ વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી જુડોની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ SGSU, ડેસરના કુલપતિ શ્રી ડૉ. મનીષ રાવલ સાહેબ, ડાયરેક્ટર પ્રો. (ડૉ.) રણછોડ રથવી અને યુનિવર્સિટી પરિવારે તન્વી બારડને અભિનંદન પાઠવ્યા હતા. ખેલો ઈન્ડિયાની આ સ્પર્ધામાં ડોક્ટર વનરાજસિંહ પઢિયાર (કોચ) અને ડૉક્ટર હરીશ વનાર (કન્ટીજન્ટ મેનેજર) એ સેવાઓ આપી હતી.-અખંડ ભારત

## લુણાવાડા ખાતે આયોજન બેઠક યોજાઈ



અબ્બાસી અબ્દુલ - મહીસાગર જિલ્લા ભાજપ કિસાન મોરચા દ્વારા આગામી ૧૫ ડિસેમ્બરથી દરેક જિલ્લા પંચાયતમાં યોજાનાર 'ખાટલા બેઠક'ના આયોજન માટે આજે જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સર્કિટ હાઉસ ખાતે જિલ્લા પ્રમુખ શ્રી દશરથસિંહ બારિયાના અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં કાર્યક્રમની તૈયારી, વિગતો અને જિલ્લા પંચાયતોમાં આયોજન માટેની યોજનાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી બી.કે. પટેલ, કિસાન મોરચાના પ્રમુખ શ્રી દિનેશભાઈ પટેલ, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી સચિનભાઈ પટેલ, શ્રી કાળુભાઈ માછી તેમજ જીલ્લા સદસ્યો અને મંડલ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત કાર્યકર્તાઓએ ખેડૂત સમાજની સમસ્યાઓને સરકાર સુધી પહોંચાડવા માટે સંગઠનની પ્રતિબદ્ધતા જાહેર કરી હતી અને ખેડૂત સમૃદ્ધિના માર્ગમાં નેતૃત્વ પૂરું પાડવા પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.-અખંડ ભારત

## વસાઈ માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે પુસ્તક વાંચન કાર્યક્રમનું આયોજન કરાયું



અવનિશ પટેલ -સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આવેલા વસાઈ ગામની શ્રી વસાઈ માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા વધારવા અને અભ્યાસ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે પુસ્તક વાંચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.શાળાના આચાર્ય શ્રી અવનિશ પટેલ તથા તમામ શિક્ષકમંડળના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. બોર્ડની પરીક્ષા નજીક આવી રહી હોવાથી વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસાવવા અને વિષયની સમજણ મજબૂત બનાવવા માટે શિક્ષકમંડળ દ્વારા આ વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.પુસ્તક વાંચન કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને નિયમિત વાંચનની ટેવ પાડવી અને અભ્યાસમાં એકાગ્રતા વધારવાનો હતો, જેનાથી તેઓ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શકે.-અખંડ ભારત

## વિરમગામમાં હિંગળાજ માતાજીની સ્થાપનાના ૨૭મા વર્ષગાંઠની પાવન ઉજવણી



ધાર્મિક પંચાલ - વિરમગામ શહેરના ભાવસાર વાડા ખાતે બિરાજમાન હિંગળાજ માતાજીના પાવન સ્થાપનાને ૨૭ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે માગશર સુદ આઠમના પવિત્ર દિવસે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ દિવ્ય પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહીને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાતઃકાળે મંગળ આરતીથી કાર્યક્રમનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ દિવસ દરમિયાન પીઠપૂજન, વિશેષ પૂજન, યજ્ઞવિધિ અને માતાજીના છત્રારોહણની પવિત્રવિધિઓ ભક્તિભાવ સાથે સંપન્ન થઈ હતી. સમગ્ર પરિસરમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.શ્રદ્ધાળુઓના ભક્તિભાવને વેગ આપવા માટે ભજન-કીર્તન અને સત્સંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિમય સ્વરોની ગુંજ સાથે સમગ્ર સ્થળે આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. દૂર-દૂરથી શ્રદ્ધાળુઓએ આવીને માતાજીના દર્શનનો લાભ લીધો હતો.આયોજક સમિતિએ તમામ ભક્તો, સેવકો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો, જેમના સહકારથી આ ભવ્ય કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાઈ શક્યો.-અખંડ ભારત

## જુનાગઢ મહાનગરપાલિકા ખાતે 'ક્લોરિન સેફ હેન્ડલિંગ અને ઇમર્જન્સી પ્રિપેડનેસ' તાલીમ વર્કશોપ યોજાયો



જનકરાય ટીલાવત - જુનાગઢ મહાનગર સેવા સદન ખાતે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત, ક્લોરિન જેવા રસાયણોના સુરક્ષિત ઉપયોગ અને કટોકટીની સ્થિતિમાં તૈયારી માટે એક મહત્વપૂર્ણ તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. દિનદયાલ સભાખંડના ત્રીજા માળે આ 'સેફ હેન્ડલિંગ ઓફ ક્લોરિન એન્ડ ઈમર્જન્સી પ્રિપેડનેસ' વર્કશોપ યોજાયો હતો.આલ્કલી મેન્યુફેક્ચર એસોસિએશન ઓફ ઈન્ડિયાના તજજ્ઞશ્રી દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં WTP (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ) અને STP (સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ખાતે ક્લોરિનના સંગ્રહ, પરિવહન અને ઉપયોગ સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓને ક્લોરિન હેન્ડલિંગની સલામતી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.તાલીમનો મુખ્ય હેતુ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ક્લોરિન તેમજ અન્ય રસાયણોનો ઉપયોગ સુરક્ષિત રીતે થાય તે સુનિશ્ચિત કરવાનો હતો.આ વર્કશોપમાં વોટરવર્ક શાખાના આસિસ્ટન્ટ એન્જિનિયરશ્રીઓ, પંપીંગ સ્ટેશનના ઓપરેટરશ્રીઓ તેમજ જુનાગઢ શહેર અને આસપાસની નગરપાલિકાઓના વિષયને લગતા કર્મચારીઓએ ઉત્સાહભેર માર્ગદર્શન મેળવ્યું હતું.-અખંડ ભારત

## હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી



અંકિતા ગોસ્વામી- મહિલા સશક્તિકરણ - રોજગાર માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં ૫૦ નવી કેન્ટિન સહિત ૨૦૦થી વધુ 'મંગલમ કેન્ટિન' કાર્યરત સખી મંડળની મહિલાઓ દ્વારા સંચાલિત આ કેન્ટિન રાજ્યની વિવિધ સરકારી કચેરી, શૈક્ષણિક સંસ્થા, હોસ્ટેલ, હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને NGO જેવી મહત્ત્વપૂર્ણ જગ્યાઓ પર કાર્યરત…'મંગલમ કેન્ટિન' થકી ૧,૭૦૦થી વધુ સખી મંડળની મહિલાઓને રોજગારીની તક મળી; રાજ્યમાં 'વન ડિસ્ટ્રિક્ટ વન કેન્ટિન' પ્રચાર અભિયાન હેઠળ એક સરખા બ્રાન્ડ નેમ અને ડિઝાઈન સાથે ૩૦ નવી 'મંગલમ કેન્ટિન' શરૂ કરાઈ રહી છે.-અખંડ ભારત

## બાંઠીવાડા ગામમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો




ધવલ શર્મા - મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામમાં ગાયત્રી સેવા સંસ્થાન અરવલ્લી દ્વારા એક્સેસ ટુ જસ્ટિસ પ્રોજેક્ટ અંતર્ગત બાળ વિવાહ મુકત ભારત અભિયાનને સાર્થક કરવા મુખ્ય મહેમાન જિલ્લા બાળ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી રમેશભાઈ પટેલ, બાંઠીવાડા સરપંચશ્રી રૂમાજી ડામોર, જિલ્લા સમાજ સુરક્ષા વિભાગના સંજયભાઈ પટેલ પૂર્વ તાલુકા સદસ્ય તેમજ સંસ્થાના કાર્યકર્તા સ્નેહલ પંચાલ અને પિનલ પટેલ દ્વારા ગ્રામજનો સાથે બાળ લગ્નથી થતા દુષ્ટ પરિણામો વિશે જાણકારી આપી. ગ્રામજનો અને ઉપસ્થિત મહેમાનો સાથે મળીને બાળ વિવાહ મુકત ગામ બને તે હેતુથી કેન્ડલ માર્ચ સાથે સરકારના આ ૧૦૦ દિવસીય જાગૃતિ કાર્યક્રમને સમર્થન આપ્યું હતું.-અખંડ ભારત

## દરિયાઈ સુરક્ષા અંતર્ગત સંયુક્ત ઉપક્રમે ગ્રામસભા યોજાઈ



રમેશભાઈ ભાનુશાલી- મરીન ટાસ્ક ફોર્સના પોલીસ અધિક્ષક એસ.જે.પરમાર સા. ના માર્ગદશન હેઠળ ગુજરાત રાજયના વિશાળ દરિયાકિનારા તેમજ દરિયાકિનારાને સ્પર્શતા ગામોના લોકોમાં લોકજાગૃતિ કેળવાય એના માટે જખૌ બંદર ખાતે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. ગ્રામસભાના અધ્યક્ષ DYSP આર.એમ.ચૌધરી દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં કટોકટીની સ્થિતિમાં પોલીસ અને પ્રજાજનો વચ્ચે સુદ્રઢ સમન્વય કેળવાય તેમજ દરિયાઈ વિસ્તારમાં શંકાસ્પદ બોટ કે અજાણ્યા કે સંદિગ્ધ વ્યક્તિઓની ગતિવિધિઓ ઉપર નજર રાખવા તેમજ દરિયાઈ વિસ્તારમાં અવારનવાર મળી આવતા વિવિધ કેફિ પદાર્થોની હેરાફેરી જેવા ગંભીર વિષયો ઉપર સચોટ માહિતી આપી. આ ગ્રામસભામાં બહોળી સંખ્યામાં જખૌ બંદરના માછીમારો, બોટ માલિકો ઉપસ્થિત રહયા હતા.-અખંડ ભારત

## જગદીશ વિશ્વકર્માએ વડોદરા ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાજી સાથે મુલાકાત કરી



અવનીશ તિવારી -ભારતીય જનતા પાર્ટી (BJP)ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માજીએ વડોદરા ખાતે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી આદરણીય જગત પ્રકાશ નડ્ડાજી સાથે મુલાકાત કરી હતી.પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માજીએ રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાજીનું ઉષ્માભર્યું સ્વાગત અને અભિવાદન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન ગુજરાતમાં સંગઠનાત્મક ગતિવિધિઓ, આગામી કાર્યક્રમો અને રાજ્યમાં પાર્ટીની સ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.નડ્ડાજીની વડોદરાની મુલાકાતથી કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.-અખંડ ભારત

## ભાયાવદર ગામે માતા-પિતા વિહોણી ૨૫ દિકરીઓનો સમૂહ લગ્નોત્સવ યોજાશે




દીપકભાઈ રાવરાણી- અમરેલીના ભાયાવદર ગામે શ્રી મકનબાપા સેવાધામ ખાતે વાણંદ સમાજની માતા-પિતા વિહોણી ૨૫ લાડકડીના શાહી સમૂહલગ્ન શ્રી મકનબાપા સેવાધામ ભાયાવદર ખાતે મંદિરની રજત જયંતી મહોત્સવ અંતર્ગત રાવરાણી-ચાવડા પરિવાર દ્વારા ભવ્ય આયોજન શ્રી મકનબાપાના મંદિરની રજત જયંતી મહોત્સવ અંતર્ગત રાવરાણી-ચાવડા પરિવાર દ્વારા વાળંદ સમાજની માતા-પિતા વિહોણી અને આર્થિક રીતે નબળા પરિવારની ૨૫ દીકરીના શાહી સમૂહલગ્ન તારીખ ૧૭-૫-૨૦૨૬, રવિવારના રોજ અમરેલી જિલ્લાના (તા.કુંકાવાવ) ભાયાવદર ગામે શ્રી મકનબાપા સેવાધામ ખાતે યોજાશે.આ સમૂહલગ્નમાં તમામ દીકરીઓને સોનું, ચાંદી, ફર્નિચર તથા ઘરવખરીની તમામ વસ્તુઓનો કરિયાવર આપવામાં આવશે. ૨૫ લાડકડીની એકસાથે શાહી એન્ટ્રી, વરરાજા તેમજ જાનૈયાઓનું ઢોલ-નગારા સાથે સ્વાગત, નવવધૂ માટે ઉતારા માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત મહેમાનો માટે ચા-પાણી સાથે ભોજન પ્રસાદ તથા પાર્કિંગની વ્યવસ્થા સહિતનું દરેક પ્રકારનું સુચારુ આયોજન કરાયું છે. આ ભવ્ય સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે મકનબાપા સેવાધામ કમિટીના ૧૦૦થી વધારે સભ્યની ટીમ દ્વારા તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ઉનાળાની ઋતુ હોવાથી રાત્રિના સમયે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ૨૫ રજવાડી મંડપ, ભોજન વ્યવસ્થા, શાહી ડેકોરેશન તથા અદ્યતન સાઉન્ડ સિસ્ટમ અને સિંગરો સાથે લાઈવ લગ્નગીતની પણ વ્યવસ્થા કરાશે.

## જાલતની ઓમ શ્રી યોગેશ્વર શાળામાં કિશોરો માટે RBSK ટીમ દ્વારા હેલ્થ કેમ્પ યોજાયો



અમિત રાઠોડ -દાહોદ જિલ્લામાં આવેલી ઓમ શ્રી યોગેશ્વર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, જાલત ખાતે સીની સંસ્થા દાહોદના સહયોગથી શાળાની કિશોરીઓ અને કિશોરો માટે એક વિશેષ હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં RBSK (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ) ટીમ દ્વારા બાળકોનું સામાન્ય ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે હિમોગ્લોબિન (HB), વજન, ઊંચાઈ અને અન્ય સામાન્ય સ્વાસ્થ્ય તપાસનો સમાવેશ થતો હતો.સ્વાસ્થ્ય તપાસ બાદ બાળકોને પોષણયુક્ત આહાર તરીકે નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. શાળાના આચાર્યશ્રી અને તમામ સ્ટાફ મિત્રોએ આ સમગ્ર આયોજનમાં પૂર્ણ સહયોગ આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

## ઇન્દોર ગામે ૧.૮૭ લાખનો ગાંજાનો છોડનો જથ્થા સાથે એકની અટકાયત

હિતેન્દ્રસિહ બારોટ -ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવાની સૂચનાના ભાગરૂપે ભરૂચ SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ની ટીમે ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ મથક વિસ્તારના ઈન્દોર ગામે મોટી કાર્યવાહી કરી છે.SOG ટીમને મળેલી બાતમીના આધારે, ઈન્દોર ગામે રહેતા મનિશભાઈ ઉર્ફે કાળીયો ગોવિંદભાઈ ઠાકોરના રહેણાંક મકાનના વાડામાં ગેરકાયદેસર રીતે વાવેતર કરેલ શંકાસ્પદ વનસ્પતિજન્ય ગાંજાના છોડનું વાવેતર મળી આવ્યું હતું.SOG પોલીસે તાત્કાલિક દરોડો પાડીને સ્થળ પર હાજર મનિશભાઈ ઠાકોરને ઝડપી લીધો હતો. આ શંકાસ્પદ ગાંજાના છોડનું વજન ૩.૭૪૯ કિલોગ્રામ હતું, જેની કિંમત આશરે ૧,૮૭,૪૫૦ આંકવામાં આવી છે. પોલીસે આ મુદ્દામાલ કબ્જે કરીને મનિશભાઈ ઠાકોર વિરુદ્ધ ઉમલ્લા પોલીસ મથકમાં ફરિયાદ નોંધી છે અને વધુ તપાસ હાથ ધરી છે.-અખંડ ભારત

## ઈડરના સિંગામાં મિશ્ર દૂધ વેચનાર પર દરોડો: ૧૯૮ લિટર જથ્થો નષ્ટ, નમૂના પરીક્ષણ માટે મોકલાયા



સંજીવ શર્મા -સાબરકાંઠા જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એસઓજી, હિંમતનગરની ટીમ સાથે મળીને ઈડર તાલુકાના સિંગા ખાતે મિશ્ર દૂધ વેચાણ કરનાર ખાદ્ય વ્યવસાયી શર્મા અશ્વિનકુમાર સુનિલભાઈ પર દરોડો કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે દૂધ બનાવવા માટે મોલ્ટોડેક્સ્ટ્રિન પાઉડર, વ્હે પર્મિયેટ પાઉડર અને રિફાઈન્ડ સોયાબીન તેલનો ઉપયોગ થતો હતો. ખાદ્ય સલામતી ટીમે ભેળસેળના નમૂનાઓ લઈને પરીક્ષણ માટે પ્રયોગશાળામાં મોકલ્યા છે, જ્યારે બાકી રહેલ આશરે ૧૯૮ લિટર દૂધનો જથ્થો સ્થળ પર જ નષ્ટ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ખાદ્ય સલામતી અધિકારીશ્રી જે. ડી. ઠાકોર અને શ્રી એસ. કે. પ્રજાપતિ તેમજ એસઓજી ટીમ હાજર રહી હતી, અને પ્રયોગશાળાનો અહેવાલ મળ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે એમ ડેઝીગ્નેટેડ ઓફિસર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સાબરકાંઠાની અખબારી યાદીમાં જણાવાયું છે.-અખંડ ભારત

## હાઈકોર્ટના હુકમ બાદ ભદ્ર પરિસર દબાણમુક્તઃ ફેરિયાઓ વૈકલ્પિક પ્લોટમાં બેસવા તૈયાર ન થતા AMCએ બોર્ડ લગાવ્યા




મનીષા પ્રજાપતિ -ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના નગરદેવી ભદ્રકાળી મંદિર સંકુલમાંથી ફેરિયાઓને દૂર કરીને ઐતિહાસિક ભદ્ર પરિસરને દબાણમુક્ત કરવામાં આવ્યું છે, કારણ કે વર્ષોથી અહી બેસતા કુલ ૮૪૪ કાયદેસરના અને ગેરકાયદેસર ફેરિયાઓના કારણે દર્શન કરવા આવનારા લોકોને અવરજવર અને ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. AMC દ્વારા કાયદેસર રીતે માન્ય ૮૪૪ લારીવાળા વિક્રેતાઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા રૂપે પાનકોર નાકા નજીક અને ઢાલગરવાડમાં ખુલ્લી જગ્યાઓ ફાળવી દેવામાં આવી છે, જોકે દિવાળી પહેલા પ્લોટ ફાળવાયા હોવા છતાં પાથરણાંવાળા બેસવા તૈયાર ન થતા AMCએ વારંવાર સમજાવટ અને સૂચનાઓ આપી હોવા છતાં પ્લોટનો ઉપયોગ શરૂ ન થતાં હવે ફેરિયાઓને અને જાહેર જનતાને જાણ થાય તે માટે ભદ્ર પરિસરમાં જાહેર સૂચના અંગેના બોર્ડ (બેનર) પણ લગાવી દેવામાં આવ્યા છે.-અખંડ ભારત

# મધ્યાહન ભોજનની ગુણવત્તા સુધારવા રજૂઆત- દિનેશ બારીઆ



આશીષ કામદાર -ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ સહમંત્રી દિનેશ બારીઆએ શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજનની ગુણવત્તા સુધારવા માટે સરકારમાં લેખિત રજૂઆત કરી છે, જેમાં તેમણે નાના કર્મચારીઓનો પક્ષ લઈને રાજકીય લોકોની પ્રસિદ્ધિ મેળવવાની વૃત્તિ પર આકરા પ્રહાર કર્યા છે. બારીઆએ જણાવ્યું હતું કે, હોટલમાં ૪૦૦ થી ૫૦૦ રુપિયાની થાળી જમતા રાજકીય લોકોને મધ્યાહન ભોજનમાં ક્વોલિટીની ફરિયાદ હોય છે, પરંતુ રસોઈયાઓની મજબૂરી અને વાસ્તવિક પરિસ્થિતિને જાણ્યા વગર માત્ર પ્રસિદ્ધિ મેળવવા ભૂલો શોધવી યોગ્ય નથી, કારણ કે ૫૦ મીલી તેલ કે ૧ કિલો ચોખા ઓછા કરવાથી નાના કર્મચારીઓ કરોડપતિ નથી બની જતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો ભોજનની ગુણવત્તા સુધારવી હોય તો, સરકારી દુકાનેથી સમયસર અને પૂરતો જથ્થો મળે, રસોઈ સામગ્રીના પ્રમાણ માપમાં સુધારો કરવામાં આવે, રસોઈયાઓને યોગ્ય તાલીમ અપાય, કર્મચારીઓના દૈનિક વેતનમાં વધારો અને સમયસર ચૂકવણી થાય, નોકરીની સુરક્ષા મળે, તથા રાજકીય દબાણ હેઠળ સરકારી અનાજનો ઉપયોગ બંધ થાય તેવી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. આ સાથે તેમણે સરકારમાં લેખિત રજૂઆત કરી છે કે, રસોડાની ગુણવત્તા બાબતે ભૂલો શોધવા માટે કોઈ પણ બિનઅધિકૃત વ્યક્તિનો પ્રવેશ પ્રતિબંધિત કરવામાં આવે અને ફક્ત શાળાના આચાર્યને જ રસોઈ રિપોર્ટ કરવાની સત્તા આપવામાં આવે, જેથી નાના કર્મચારીઓને અપમાનિત થવું ન પડે અને સમસ્યાનો ઉકેલ વ્યવસ્થિત રીતે લાવી શકાય.-અખંડ ભારત

# સામોજ ગામે પતિએ પત્નીની હત્યા કરી પોતે આપઘાતનો કર્યો પ્રયાસ



ગંભીરસિંહ મકવાણા - ભરુચ જિલ્લાના જંબુસર તાલુકાના સામોજ ગામે પતિએ પોતાની પત્નીની હત્યા કર્યા બાદ પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.જેના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાથમિક માહિતી મુજબ, સામોજ ગામના રહેવાસી બુધેસંગભાઈ પઢિયારે તેમની પત્ની ગીતાબેનની ને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.પત્નીની હત્યા કર્યા બાદ પતિ બુધેસંગભાઈ પઢિયારે પણ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે તેમની હાલત ગંભીર બની હતી.પ્.આ ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ગ્રામજનો એકઠા થયા હતા અને ઈજાગ્રસ્ત બુધેસંગભાઈને સારવાર અર્થે જંબુસર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જંબુસર વધુ સીરીયસ જણાતા અંતે બરોડા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન પતિનું પણ મોત નીપજ્યું હતું સમગ્ર ઘટનાની જાણ વેડચ પોલીસ ને થતા પોલીસનો કાફલો પણ તાત્કાલિક સામોજ ગામે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક ગીતાબેનના મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હત્યા અને આપઘાતના પ્રયાસના આ બેવડા મામલે વધુ તપાસ હાથ ધરી છે.-અખંડ ભારત

# લીમખેડા ની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે કાવ્ય સ્પર્ધા યોજાઈ

હસમુખ પ્રજાપતી-લીમખેડા ખાતે આવેલ શ્રી હસ્તેશ્વર સ્કૂલ માં આજરોજ તારીખ ૨૯/૧૧/૨૦૫ ના રોજ કાવ્યગાન સ્પર્ધા યોજાઈ હતી જેમાં શાળાના બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક વિવિધ ભાષામાં ગુજરાતી અંગ્રેજી અને હિન્દી ભાષામાં કવિતાઓ રજૂ કરી હતી કાર્યક્રમ માં ઓમ શાંતિ સંસ્થા ના બ્રહ્મકુમારી કોકિલાદીદી,ક્રિષ્નાદીદી ઉપસ્થિત રહી શાળાના બાળકોને જીવનનુ મહત્ત્વ અને કાર્ય કરવાની શીખ તેમજ ભવિષ્યમાં વ્યસન થી દૂર રહી પોતાના જીવન ને ઉત્તમ જીવન બનાવવા માટે ની પ્રેરણા આપી હતી સાથે સંસ્થા ના મંત્રી




ભરતભાઈ ભરવાડ સાહેબ ઉપસ્થિત રહી વિજેતા થયેલા બાળકોને ટ્રોફી આપી અભિનંદન પાઠવ્યા હતા-અખંડ ભારત

# લિંભોઈ ગામામાં પટેલ ઢૂંઢા રોડ પર પ્રદૂષિત પાણીનો નિકાલ અટકાવવા માંગ

મહેશ ધમલાત-અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના લિંભોઇ ગામામાં પટેલ ઢૂંઢા રોડ પર આવેલ પ્રજાપતિ ફળિયામાં થી વહેતું ગંદુપાણી વાહનચાલકો પરેશાન અને ગંદકીવાળું પાણી મુખ્ય માર્ગ પર વાહનચાલકોની અવરજવર તથા સ્થાનિક લોકો ભારે પરેશાની નો સામનો કરી રહ્યા છે. રસ્તા પર સતત ભેગો થતો કાદવ અને દુર્ગંધને કારણે રોજિંદી અવરજવર મુશ્કેલ બની ગઈ છે. અને સ્થાનિકના



જણાવ્યા મુજબ નિકાશ વ્યવસ્થા યોગ્ય ન હોવાને કારણે પાણીને રસ્તા પર જ વહી જવું પડે છે જેના કારણે આરોગ્ય માટે જોખમી પરિસ્થિતિ ઉદભવે છે તેમજ અકસ્માતની શક્યતાઓ પણ વધીને ઉભી થઇ છે ગ્રામજનો દ્વારા તાત્કાલિક સમસ્યાનો નિકાલ કરી સફાઈની વ્યવસ્થા સુધારવાની માંગ ઉઠાવવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી અપેક્ષા સાથે પ્રજાજનો રાહ જોઈ રહ્યા છે...અખંડ ભારત

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાનવેરી કલ્લા દ્વારા રાષ્ટ્રીય અંધત્વ નિવારણ અંતર્ગત કેમ્પ યોજાયો




કુંજ પરમાર - નવસારી જિલ્લાના ચીખલી તાલુકા ના?રાનવેરી કલ્લા ગામ ખાતે આજ રોજ રાષ્ટ્રીય અંધત્વ નિયત્રણ કાર્યક્રમ અંતર્ગત પ્રા. આ. કેન્દ્ર રાનવેરી કલ્લા દ્વારા માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવસારી અને માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી નવસારી અને માનનીય અધિક આરોગ્ય અધિકારીશ્રી નવસારી ના માર્ગદર્શન હેઠળ પ્રા. આ.કેન્દ્ર રાનવેરી કલ્લા ખાતે આંખની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવું હતું જેમાં વિવિધ ગામના લોકો ,આરોગ્ય સ્ટાફ,આશા વર્કરબહેનો હાજર રહ્યા હતા,અને ઓપથેલમિક આસિસ્ટન્ટ ભૂમીબેન દ્વારા વિના મૂલ્યે ૫૧ લોકોની આંખની તપાસ કરવામાં આવી અને જરૂરિયાત મંદ મોતિયા ના દર્દીને વિના મૂલ્યે ઓપરેશન માટે સમજ આપી હતી.ઉપરાંત ડો. હિમાંશુ બી. પટેલ રાનવેરી કલ્લા દ્વારા રાષ્ટ્રીય અંધત્વ નિયત્રણ કાર્યક્રમ અંતર્ગત થતાં લાભો વિષે માહિતગાર કર્યા હતા.આ કાર્યક્રમ સફળ બનાવવાં આરોગ્ય સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.-અખંડ ભારત

# વિરમગામનું ગૌરવ




ધાર્મિક પંચાલ-લાયન્સ ક્લબ ઓફ વિરમગામ સંચાલિત વિકાસ ડે કેર સેન્ટર, વિરમગામના દિવ્યાંગ બાળકો ખેલ મહાકુંભ – ૨૦૨૫માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિરમગામનું ગૌરવ વધાર્યું છે. જિલ્લા સ્તરે યોજાયેલી આ રનિંગ સ્પર્ધામાં એજ ગ્રુપ ૨૨ૠ શ્રેણીની ૨૫ મીટર રનમાં હેમાલી વિનોદભાઈ ઝવેરીએ તથા એજ ગ્રુપ ૧૬ થી ૨૧ શ્રેણીની ૫૦ મીટર રનમાં મૈત્રી આશિષભાઈ શાહે અમદાવાદ જિલ્લાના સ્તરે ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી સરાહનીય સિદ્ધિ હાંસલ કરી હતી. આ દિવ્યાંગ વિદ્યાર્થીઓના આ પ્રભાવશાળી પ્રદર્શનથી સમગ્ર શહેરમાં આનંદ અને ગર્વની લાગણી છવાઈ ગઈ છે. લાયન્સ ક્લબ ઓફ વિરમગામ તથા વિકાસ ડે કેર સેન્ટર દ્વારા બંને વિજેતા ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા.-અખંડ ભારત

# ગીરના જંગલ વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રતિબંધના નિયમનો ઉલાળીયો



ટીલાવત જનકરાય -ગીરના જંગલ વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રતિબંધ હોવા છતાં જુનાગઢ જંગલ માં વન્યજીવ સૃષ્ટિ પ્લાસ્ટિકનો ખોરાક તરીકે ઉપયોગ કરી રહ્યા છે તેવું દાતારોડ વિસ્તારમાં એક વિડિયો વાયરલ થયો છે જ્યાં ખુલ્લામાં ફેકાયેલા પ્લાસ્ટિકના કચરામાં ચિત્તલ અને હરણ આ કચરામાં પ્લાસ્ટિક સાથે ખાઈ રહ્યા છે જેને લઇ વન્ય પ્રેમીઓમાં રોષ ભરાયો છે ગિરનાર જંગલ અને હાઇકોર્ટ દ્વારા અનેક વખત તંત્રને ફટકાર કરી હોવા છતાં આ સ્થિતિ વારંવાર જોવા મળી છે આ પરિસ્થિતિને જોઈને તંત્ર દ્વારા કોર્ટની અવગણના થતી હોય તેવું વન્ય પ્રેમીઓ માની રહ્યા છે જેને કારણે આ પ્લાસ્ટિકનો પ્રતિબંધ હોવા છતાં તેના પર તંત્ર દ્વારા બેદરકારી રાખવામાં આવતી હોય તેવું જોવા મળે છે આ અંગે યોગ્ય પગલાં લેવાય તેવું વન્યપ્રાણી સૃષ્ટિ પ્રેમીઓની માંગ છે.-અખંડ ભારત

# ઢોલુમબર ગામમા સત્સંગ સભાની તૈયારીઓ



ઉત્તમ પટેલ-નવસારી જિલ્લા ના ચીખલી તાલુકા ના ઢોલુમબર ગામમા સત્સંગ માટેની પૂર્વ તૈયારી કરતા ગામના ભકતજનો ૩૦ નવેમ્બર ૨૦૨૫ રવિવારના રાત્રે યોજાનાર સત્સંગ તથા મહા પ્રસાદ અંદાજે ૪ હજારથી વધુ ભાવિક ભકતો માટે તથા શ્રોતાગણ માટે બેઠક વ્યવસ્થા,સ્ટેજ,લાઈટ,મંડપ ડેકોરેશન,પાણી,વાહન પારકીગ જેવી અન્ય વ્યવસ્થા માટે તડામાર તૈયારી કરતા જોવા મળે છે.-અખંડ ભારત

# બોભા પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન અપાયું



કુવરસિંહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા પીએમ શ્રી પ્રાથમિક શાળાના બાળકોને બોભા શાળાના શિક્ષિકા પન્નાબેન દેસાઇ તરફથી બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું તો શાળાના શિક્ષકો આચાર્ય અને તમામ બાળકોએ શિક્ષિકા પન્નાબેનનો આભાર માન્યો હતો. અખંડ ભારત

# જીતપુર ગામે મફત નિદાન કેમ્પ યોજાયો




વિષ્ણુ ઠાકોર-બનાસકાંઠા જિલ્લા ના પાલનપુર બનાસડેરી તરફ થી બનાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ આજરોજ તારીખ ૨૯/૧૧/૨૦૨૫ ના બનાસ મેડિકલ પાલનપુર બનાસ ડેરીના સહયોગથી દાંતા તાલુકાના જીતપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મફત નિદાન કેમ રાખેલ હતો જેમાં બનાસડેરી ના ચેરમન અમરતજી ઠાકોર એ મુલાકાત લીધી અને દાંતા તાલુકાના અડેરણ (તં) નાં સરપંચ શ્રી ભમરજી ઠાકોર અને જીતપુર ગામ ના આગેવાનો એ પણ હાજરી આપી હતી અને તબીબો પણ હાજર રહી ને આ ક્યાર્કમ પ્રોત્સાહન આપ્યું હતું અંખડ ભારત

# સુરખાઈ ગામે હનુમાન મંદિર ખાતે ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો



કુંજ પરમાર -લોકમંગલમ્ ચેરીટેબલ ટ્રસ્ટ-ખોબા, ગોપાલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત તેમજ, રોટરી આઈ હોસ્પિટલ નવસારી દ્વારા મેડિકલ કેમ્પનું ચીખલી તાલુકા ના સુરખાઈ ગામે હનુમાન મંદિર ખાતે ફ્રી મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જનરલ અને આંખ ની તપાસ કરવામાં આવી આ કેમ્પનું આયોજન ગામના અક્ષય પટેલ ગામના સરપંચ ધીરુભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું આ કેમ્પમાં દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરવામાં આવી કેમ્પમા ડોક્ટરોની ટીમ ગામના સરપંચ , અક્ષય પટેલ, અને તેમની ટીમ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યો.જેમાં ઉપસ્થિત ગામના પ્રથમ નાગરિક એવા સરપંચ શ્રી ધીરૂભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયત દંડક શ્રી પંકજભાઈ પટેલ તેમજ આજુ બાજુ ગામના સરપંચ શ્રી પ્રવિણભાઈ પટેલ, માજી સરપંચ શ્રી બિરેનભાઈ પટેલ ભાજપ જીલ્લા યુવા મહામંત્રી જયવદન પટેલ તેમજ ચીખલી ઉપ પ્રમુખ શ્રી કનકસિંહ પરમાર તેમજ મંદિર ના ટ્રસ્ટી શ્રી દીપકભાઈ પટેલ તેમજ ગામના યુવા મિત્રો અને વડીલો ઉપસ્થિતી રહ્યા હતા . આ કેમ્પમાં ટોટલ :-૧૬૬ દર્દીઓએ ભાગ લીધો હતો જેમાં

દવા વિતરણઃ-૧૧૧
આંખ તપાસઃ-૧૫૨
ચશ્મા વિતરણઃ-૧૨૮
મોતિયાઃ-૪
કરવામાં આવી હતી.

આ કેમ્પમાં આયોજકો શ્રી જય બજરંગબલી યુવક મંડળ અક્ષર ભાઈ પટેલ,સતિષભાઈ પટેલ, જીગરભાઈ પટેલ અને ગામ લોકોએ ભારે જહમત ઉઠાવી હતી.-અખંડ ભારત

# મોડાસામાં બાળલગ્ન મુક્ત ભારત અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



કંદર્પ પંડ્યા - અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આવેલી શ્રી કે એન શાહ મોડાસા હાઈસ્કુલમાં બાળલગ્ન મુક્ત ભારત અભિયાન અને મહિલાઓ અને બાળકો વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત શપથગ્રહણ તથા જાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાયૅક્રમમા બાળકોને બાળલગ્ન સામે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી તથા બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ ૨૦૦૬ તથા બાળલગ્નની અસરો,સજા, બાળલગ્નની ફરિયાદ ક્યાં કરી શકાય તેના વિશે વિગતે માહિતી આપવામાં આવી હતી. ચાઇલ્ડ હેલ્પલાઇન અરવલ્લી ટીમ દવારા ચાઇલ્ડ હેલ્પલાઇન નંબર ૧૦૯૮ , મહિલા હેલ્પલાઇન ૧૮૧,બાળકોના અધિકાર, કાયદા, ચાઈલ્ડલાઈન દ્વારા મળતી તાત્કાલિક સહાય, બાળમજૂરી,બાળભિક્ષાવૃતિ, બાળશોષણ અને દુર્વ્યવહાર, નિરાધાર ,બિનવારસી બાળકોના જોવા મળે તો ૧૦૯૮ પર ફોન કરી કેવી રીતે મદદ મેળવી શકે તેની જાણકારી આપવામાં આવી હતી.-અખંડ ભારત

# બાબરકોટ ગ્રામ પંચાયત દ્વારા બ્લોક પેવિંગ રોડના કામનું ખાતમુહુર્ત કરાયું



જીજ્ઞેશ બારૈયા-અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે બાબરકોટ ગ્રામ પંચાયત દ્વારા બ્લોક પેવિંગ રોડના કામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. બાબરકોટ ગામે પ્લોટ વિસ્તારમાં આવેલ ભગવાનભાઈ બાંભણિયા ની દુકાન પાસેથી ખોડુભાઈ વાઘેલા ના ઘર તરફ જતા રસ્તામાં બ્લોક પેવિગ રોડના કામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. સરપંચશ્રી દ્વારા જણાવ્યું હતું કે આ રસ્તો બાબરકોટ ગામના વિધાર્થીઓને શાળાએ જવા માટે ખૂબ ઉપયોગ થશે. બ્લોક પેવિંગ રોડનું ખાતમુહુર્ત સમયે ગ્રામ પંચાયત ના સરપંચશ્રી અનકભાઈ છનાભાઈ સાંખટ , ઉપસરપંચશ્રી, પાંચાભાઈ ભુપતભાઈ સાંખટ , સભ્યશ્રી મુકેશભાઈ ચાવડા , વીરાભાઈ સાંખટ , રાકેશભાઈ બાબુભાઈ સાંખટ, ટીડાભાઈ સોલંકી , સુરેશભાઈ સાંખટ તથા ગામના આગેવાન ભાણાભાઈ શિયાળ, લાલજીભાઈ કવાડ વગેરે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.પ્લોટ વિસ્તારમાં બ્લોક પેવિંગનું કામ ચાલુ થતા પ્લોટ વિસ્તારમાં રહેતા કોળી સમાજ તથા ભરવાડ સમાજ ના યુવાનો દ્વારા તેમના ઘરની બહાર રસ્તા પર આવેલ ઓટલીઓ , બાવળો, ઉકરડા , સયંભુ જાત મહેનતે કાઢવામાં આવ્યા હતા. અને ગ્રામ પંચાયત ને સહયોગ આપવામાં આવ્યો હતો. સહયોગ આપવા બદલ સરપંચશ્રી દ્વારા પ્લોટ વિસ્તારમાં રહેતા યુવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. બ્લોક પેવિંગ રોડના કામનું ખાતમુહુર્ત થતા પ્લોટ વિસ્તારમાં રહેતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.-અખંડ ભારત

# પંચમહાલ જિલ્લામાં બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન કાર્યક્રમની ઉજવણી





આશીષ કામદાર - પંચમહાલ જિલ્લામાં બાળ વિવાહના સામાજિક દૂષણને નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે ૧૦૦ દિવસીય ‘બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન‘ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, પંચમહાલના સંયુક્ત ઉપક્રમે, જસ્ટ રાઈટ ફોર ચિલ્ડ્રનની સહયોગી સંસ્થા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા યોજાયો હતો

આ અભિયાન અંતર્ગત, જિલ્લાની કે.જી. પરમાર માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, સાંકલીના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં બાળ લગ્ન એક સામાજિક દૂષણ હોવા અંગે, બાળ અધિકારોનું મહત્વ અને બાળ વિવાહથી થતી ગંભીર માઠી અસરો વિશે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. દરેક બાળક શિક્ષણ પ્રાપ્ત કરી પોતાનો વિકાસ કરી શકે તે વિશે સમજણ આપી, વિદ્યાર્થીઓને બાળ લગ્ન ન કરવા અને તેને રોકવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી

આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, બાળ સુરક્ષા અધિકારી, ચેરમેન ચાઇલ્ડ વેલ્ફેર કમિટી, પ્રોગ્રામ ઓફિસર (ગ્રામ વિકાસ ટ્રસ્ટ), મહિલા અને બાળ કચેરીના અધિકારીઓ, પોલીસ સ્ટેશન ગોધરાના અધિકારીઓ, તથા શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, કાલોલ અને ગોધરા તાલુકાના ગામોમાં ગ્રામજનો સાથે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા ગ્રામજનોને બાળ વિવાહ મુક્ત ગામ બનાવવા માટે સક્રિયપણે જાગૃત કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# આરોગ્ય સેવામાં સાબરકાંઠા અગ્રીમઃ વધુ ૧૦ સંસ્થાઓને NQAS પ્રમાણપત્ર મળતાં કુલ આંક ૧૦૪ થયો






સંજીવ શર્મા -સાબરકાંઠા જિલ્લાએ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના ક્ષેત્રમાં વધુ એક સિદ્ધિ મેળવી છે. જિલ્લાની વધુ ૧૦ આરોગ્ય સંસ્થાઓને રાષ્ટ્રીય કક્ષાનું NQAS (National Quality Assurance Standards) પ્રમાણપત્ર મળ્યું છે, જેનાથી જિલ્લાની યશકલગીમાં વધુ એક મોરપીછ ઉમેરાયો છે.છેલ્લા ત્રણ માસ દરમિયાન ખેડવા અને અરોડા પ્રાથમિક આરોગ્ય કેંદ્ર (PHC) તેમજ ગઢડા, શામળાજી, કાથરોટી, મટોડા, પીપોદરા, પરોસડા, સાબલવાડ અને ઉમેદપુરા આયુષ્માન આરોગ્ય મંદિર (સબસેન્ટર)ને NQAS પ્રમાણપત્ર મળ્યું છે.આ નવીન સિદ્ધિ સાથે, સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૦૪ આરોગ્ય સંસ્થાઓને રાષ્ટ્રીય કક્ષાના પ્રમાણપત્રો પ્રાપ્ત થયા છે. જેમાં ૨૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ૧ યુ.પી.એચ.સી. અને ૭૫ આયુષ્માન આરોગ્ય મંદિર-સબસેન્ટરનો સમાવેશ થાય છે. આમાંથી ૫૦ સંસ્થાઓએ ૯૦થી વધુનો સ્કોર પ્રાપ્ત કર્યો છે.જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લાના કર્મયોગી અધિકારી-કર્મચારીઓના અથાગ પ્રયાસોથી સાબરકાંઠા જિલ્લાએ સમગ્ર રાજ્યમાં NQAS પ્રમાણપત્ર મેળવવામાં અગ્રીમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ દ્વારા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગુણવત્તાના ઉચ્ચ માનાંકો અનુસાર આરોગ્ય સેવાઓ આપી 'સ્વસ્થ સાબરકાંઠા'ના સંકલ્પને સિદ્ધ કરાશે.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ આને સમગ્ર તંત્રના સહિયારા પ્રયાસોનું ઉત્તમ પરિણામ ગણાવ્યું હતું અને માર્ચ-૨૦૨૬ સુધીમાં વધુ ૨૦ આરોગ્ય કેન્દ્રોને NQAS પ્રમાણપત્ર મેળવવાનું લક્ષ્ય હોવાનું જણાવ્યું હતું.-અખંડ ભારત

# લોકાભિમુખ અભિમુખ અંતર્ગત "જન જાગૃતિ અભિયાન"કાર્યક્રમ યોજાયો




મણિલાલ તતાવિયાડ-મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કરવાઈ કંપા(ગાયત્રી કૃપા આદિવાસી યુવક મંડળ સંચાલીત વૃંદાવન આશ્રમશાળા)માં જન જાગૃતિ અભિયાનનું આયોજન થયું હતું,જેમાં પોલીસ મહાનિરિક્ષક સાહેબ(ગોધરા વિભાગ),મહીસાગર એસ.પી.સફિન હસન સાહેબ,Dy.S.P.વસાવા સાહેબ,ચાવડા સાહેબ, ડીટવાસ પોલીસ સ્ટેશન P.S.I.શ્રીમતિ.ચૌધરી મેડમ સાથે સાથે પોલીસ ટીમની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્યથી આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી,અહી આવેલ તમામ મહેમાનોનું શાબ્દિક અને ફૂલછડી અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું, અહી પોલીસ મહાનિર્દેશક સાહેબ(ગોધરા વિભાગ)દ્વારા પોતાના એક વિદ્યાર્થી જીવનકાળથી લઈને I.P.S.અધિકારી કેવી બન્યા તે સફરના ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓના જીવનઘડતરના પાયાને કેવી રીતે સફળ બનાવી શકાય? તે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી,સાથે સાથે સસલા/કાચબાની બાળવાર્તાના ઉદાહરણથી પોતાના જીવનમાં ક્યારેય હાર નહી માનવાની પણ સલાહ આપી હતી,

વિધાર્થીઓના મનમાં ઉદભવતા સવાલો વિશે પણ સરસ જવાબો આપીને વિધાર્થીઓને આત્મસંતોષ આપ્યો હતો,અંતે મિત્રપણાની ભાવનાથી દરેક વિધાર્થીઓ સાથે ફોટોગ્રાફી કરી પોલીસતંત્રથી બાળકોમાં ઉભો થતો ડર દુર કર્યો હતો,આમ અંતે શાળાપરિવાર પ્રત્યે પ્રેમભાવ વ્યક્ત કર્યો હતો, અખંડ ભારત

# તાપી જિલ્લામાં નશાખોરીનો વધતો કહેરઃ કોંગ્રેસે કલેક્ટરને આવેદનપત્ર આપી 'જનતા રેડ'ની ચીમકી ઉચ્ચારી



ધનરાજ ચૌહાણ - ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીની સૂચનાથી તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લામાં વકરી રહેલી દારૂબંધી, દારૂ, ડ્રગ્સ, ગાંજા અને આકડા-જુગારના અડ્ડાઓ સદંતર બંધ કરાવવા માટે જિલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી વિભવભાઈ ગામીતની આગેવાની હેઠળ મહિલા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને પ્રજાજનોએ એકસાથે મળીને આ આવેદનપત્ર સુપરત કર્યું હતું.કોંગ્રેસ સમિતિએ પોતાની રજૂઆતમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, તાપી જિલ્લામાં યુવાનોમાં દારૂ-ડ્રગ્સ અને ગાંજાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, જે યુવા પેઢીના ભવિષ્યને બરબાદ કરી રહ્યું છે. તેમણે જિલ્લા પોલીસ તંત્રને દારૂબંધી અને નશાબંધીના કાયદાનું કડકપણે અમલ કરવા અને નશાખોરીના અડ્ડાઓ બંધ કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી છે.આ સાથે જ, તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિ અને મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્પષ્ટ ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે, જો આવનારા ૭ દિવસમાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આ નશાખોરીના અડ્ડાઓ બંધ કરવામાં નહી આવે, તો તેઓ પ્રજાજનોને સાથે રાખીને 'જનતા રેડ' કરશે.આ આવેદનપત્ર આપવા માટે તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી વિભવભાઈ ગામીત, નિઝરના માજી ધારાસભ્ય શ્રી સુનિલભાઈ ગામીત, મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રીમતી ટીનાબેન ચૌધરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી શ્રી રાજેશભાઈ ગામીત, તાપી જિલ્લા પંચાયત વિપક્ષના નેતા સિદ્ધાર્થ અમરસિંહ ચૌધરી, તેમજ તમામ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખો, પૂર્વ પ્રમુખો અને વિવિધ સેલના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં કાર્યશીલ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# વાંઝ ગામે ચૂંટણી પંચની SIR કામગીરી સુવ્યવસ્થિતઃ ત્રણેય BLOsની જવાબદાર સેવા પ્રશંસનીય




અશોક પટેલ -સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વાંઝ ગામે ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવતી મતદાર યાદી સુધારણા (SIR - Special Intensive Revision) કામગીરી હાલમાં ઝડપી અને સુવ્યવસ્થિત રીતે આગળ વધી રહી છે. ગામમાં મતદાર યાદી સુધારા કાર્યને વેગ આપવા માટે ત્રણેય બૂથ લેવલ ઓફિસર (BLO) રોજિંદા હાજરી સાથે જવાબદારીપૂર્વક સેવા આપી રહ્યા છે.વાંઝ ગામના BLO તરીકે સેવા આપતા શ્રીમતી મંજુલાબેન (વાંઝ), શ્રીમતી ચંદ્રિકાબેન (અડાજણ) અને શ્રીમતી મકતાબેન (બિલ્લીમોરા) નિયમિત રીતે વાંઝ ગામે આવીને શિસ્ત, શાંતિ અને સુમેળ સાથે પોતાનું કાર્ય પૂર્ણ કરી રહ્યા છે.મતદાર સેવા પ્રત્યે તેમનો જવાબદાર અભિગમ અને કાર્યશૈલી અત્યંત પ્રશંસનીય છે. આ મહત્ત્વપૂર્ણ કાર્યમાં વાંઝ ગામના રહીશો દ્વારા પણ પૂરતો સહયોગ આપવામાં આવી રહ્યો છે, જે અભિનંદનને પાત્ર છે. BLO ટીમના આ સમર્પણ માટે ગામ તરફથી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.-અખંડ ભારત

# સિંગવડના જામદરા ગામે JCBથી કુવા ખોદીને મજૂરોની ખોટી ડિમાન્ડ ઊભી કરાતી હોવાનો મુદ્દો ઉછળ્યો






મનુભાઈ વણકર -દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના જામદરા ગામમાં કુવા ખોદકામની સરકારી યોજનાઓમાં ગંભીર અનિયમિતતા અને ભ્રષ્ટાચારના આક્ષેપોનો મુદ્દો ઉઠ્યો છે. એક અરજદાર દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે ગામમાં તમામ કુવાઓ, જેમાં તેમનો પોતાનો કુવો પણ સામેલ છે, તે JCB મશીન વડે ખોદવામાં આવ્યા છે.અરજદાર દ્વારા રૂબરૂ મુલાકાત લઈને કામની જોગવાઈ ચકાસવામાં આવી છે અને હાલ ચાલુ કાર્યના વીડિયો અને ફોટાઓ સહિત પૂરતા પુરાવા ઉપલબ્ધ છે.આ ગંભીર અનિયમિતતા અંગે અરજદારે મોટો પ્રશ્ન ઊભો કર્યો છેઃ જ્યારે સમગ્ર કામ JCB મશીન વડે કરવામાં આવે છે, ત્યારે સ્થળ પર એકપણ શ્રમિક હાજર ન હોવા છતાં મજૂરોનું ડિમાન્ડ શા માટે કરવામાં આવે છે?સરકારી GR (ગવર્મેન્ટ રિઝોલ્યુશન) મુજબ મશીનથી કામ અને મજૂરોનું ડિમાન્ડ બંને સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે, જે ગેરકાયદેસર પ્રક્રિયા દર્શાવે છે. અરજદારના મતે, મજૂરી દર્શાવવાની, મજૂરોના હસ્તાક્ષર લઈ ચુકવણી બતાવવાની કે મજૂરોના નામ દર્શાવવાની કામગીરી કાયદેસરની ગણાય નહી.જો સરકારશ્રી દ્વારા JCB મશીનથી કામ કરીને પણ મજૂર ડિમાન્ડ કરવાની ફરજ હોય તેવો કોઈ પરિપત્ર કે ય્ઇ જાહેર ન થયો હોય, તો આ સમગ્ર પ્રક્રિયા શ્રમિકોના હક મારવા સમાન છે. અરજદારે સવાલ કર્યો છે કે આવી પરિસ્થિતિમાં જવાબદારી મશીનના માલિકની ગણાશે કે મજૂર દર્શાવનાર સંસ્થાની?અરજદાર દ્વારા આ મુદ્દાનો ન્યાયસંગત ઉકેલ લાવવા અને પુરાવાઓને આધારે યોગ્ય તપાસ કરીને દોષિતો સામે પગલાં ભરવાની માંગણી કરવામાં આવી છે. હવે જોવાનું રહ્યું કે આ ગંભીર આક્ષેપો પર વહીવટી તંત્ર દ્વારા ક્યારે પગલાં ભરવામાં આવે છે.-અખંડ ભારત

# બાયડની એન.એચ. શાહ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ અનેક મેડલ જીતી શાળાનું ગૌરવ વધાર્યું




ત્રિલોક પંડ્યા -અરવલ્લી જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં એન.એચ. શાહ હાઈસ્કૂલ, બાયડના વિદ્યાર્થીઓએ વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે. જેમાં મુખ્યત્વે અંડર-૧૪ કેટેગરીમાં નિધિ રમેશભાઈ સોલંકીએ લાંબી કૂદ અને ૬૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો, જ્યારે અંડર-૧૭ કેટેગરીમાં ડાનીયા જયરાજભાઈ વિરસંગભાઈએ લાંબી કૂદમાં અને ભરવાડ રોહિત રાજુભાઈએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત ગોસ્વામી ચાંદની વિજયગીરી (ઉંચી કૂદ), ઝાલા ધવલ વિક્રમભાઈ (લાંબી કૂદ), અને ઝાલા કુણાલ દિપકભાઈ (સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ)એ દ્વિતીય ક્રમ મેળવ્યા હતા, જ્યારે ભરવાડ હર્ષ નવગણભાઈ અને ભરવાડ રોહિત રાજુભાઈએ તૃતીય ક્રમ મેળવ્યા હતા. શાળા પરિવારે તમામ વિજેતા વિદ્યાર્થીઓને તેમની આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# નેત્રામલી હાઈસ્કૂલ ખાતે GCERTની થીમ પર SVS કક્ષાનો કલા ઉત્સવ ઉજવાયો




સંજય પટેલ -સાબરકાંઠાના ઈડર તાલુકાની એન.જી. જરીવાલા હાઈસ્કૂલ અને માતૃશ્રી આર.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક વિભાગ, નેત્રામલી ખાતે GCERT, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ગુજરાત@2047 થીમ આધારિત SVS કક્ષાનો કલા ઉત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં ઈડર તાલુકાની QDC કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા બનેલ અલગ અલગ શાળાઓએ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ચિત્ર, બાળકવિ સંમેલન, સંગીત ગાયન અને સંગીત વાદન જેવી સ્પર્ધાઓનું પ્રતિનિધિત્વ કર્યું હતું, અને તેમની સુંદર રજૂઆતથી ઉપસ્થિત નિર્ણાયકો અને શિક્ષક મિત્રો ખૂબ પ્રભાવિત થયા હતા. નેત્રામલી શાળાની વિદ્યાર્થીની પટેલ સીયાએ સંગીત ગાયન સ્પર્ધામાં તેમજ વિદ્યાર્થી લોહાર નિકકુએ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જે બદલ કેળવણી મંડળના પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ, કારોબારી સભ્યો તથા આચાર્યશ્રી સંજયભાઈ પટેલે સમગ્ર શાળા પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# વડા મુકામે કાકરેજ યુવા જાગીરદાર રાજપૂત કેળવણી મંડળનો સ્નેહ મિલન સમારોહ યોજાયો



રેણુકા વાઘેલા -ઓગડ તાલુકાના વડા મુકામે શ્રી કાકરેજ યુવા જાગીરદાર રાજપૂત કેળવણી મંડળ દ્વારા એક ભવ્ય સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાત સરકારના પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. આ સ્નેહ મિલન સમારોહમાં રાજપૂત સમાજના આગેવાનો, તમામ ગામના સરપંચો, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, તેમજ વડીલો અને મોટી સંખ્યામાં યુવાન ભાઈઓ ઉત્સાહભેર હાજર રહ્યા હતા.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં એકતા અને શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવાનો તેમજ સંગઠનને મજબૂત બનાવવાનો રહ્યો હતો.-અખંડ ભારત

# ભરૂચ જિલ્લાના તલાટીઓ માટે ઝઘડિયામાં 'ઘન કચરા વ્યવસ્થાપન'ની એક્સપોઝર વિઝિટ યોજાઈ



હિતેન્દ્રસિંહ બારોટ - ભરૂચ જિલ્લા પ્રશાસન અને ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશનના સહયોગથી, ઝઘડિયા ગ્રામ પંચાયત ખાતે અમલમાં મુકાયેલા ગુજરાતના પ્રથમ 'ઝીરો વેસ્ટ–ઝીરો કોસ્ટ' ગ્રામ્ય ઘન કચરા વ્યવસ્થાપન મોડેલનો અભ્યાસ કરવા માટે જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવેલા કુલ ૧૨૩ પંચાયતના તલાટીઓ માટે ત્રણ દિવસીય એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મેજિસ્ટ્રેટ ગૌરાંગ મકવાણા અને જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્વચ્છ ભારત મિશન હેઠળ ગામોમાં અમલ કરી શકાય તેવી સાતત્યપૂર્ણ સ્વચ્છતા પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવાનો હતો. ત્રણ દિવસ દરમિયાન તલાટીઓએ ઘરસ્તરે કચરાની છટણી, ભીના કચરામાંથી ઓછા ખર્ચે ખાતર બનાવવાની પદ્ધતિઓ, વિકેન્દ્રિત પ્રક્રિયા તકનીકો, સેનિટેશન પાર્કનું પ્રદર્શન અને સુરક્ષિત કચરા નિકાલ જેવી પદ્ધતિઓ પર લાઈવ પ્રદર્શન અને પ્રાયોગિક તાલીમ સત્રોમાં ભાગ લીધો હતો. આ પ્રેરણા પ્રવાસ દ્વારા તલાટીઓએ જાણ્યું કે કેવી રીતે ઓછા ખર્ચે કચરાનું વ્યવસ્થાપન કરીને સામાજિક અને પર્યાવરણીય ક્ષેત્રે ઊંચો લાભ મેળવી શકાય છે, જેમાં સમુદાયના વર્તન પરિવર્તન અને સ્થાનિક માલિકીભાવની ભૂમિકા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પહેલમાં ડેપ્યુટી જિલ્લા વિકાસ અધિકારીઓ (નિકુંજ પટેલ અને જી. એમ. બોરાડ) અને તાલુકા વિકાસ અધિકારી ધ્રુવ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ સક્રિય રહ્યા હતા, જેમણે ગ્રામ્ય સ્તરે સ્વચ્છતા મજબૂત કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.-અખંડ ભારત

# હિંમતનગરની આર.એલ. પટેલ પી.ટી.સી. કોલેજમાં અભિનય ગીત સ્પર્ધા યોજાઈ, 'ગરબા' ટીમે પ્રથમ સ્થાન મેળવ્યું





તેજલબેન ચૌહાણ - વિશ્વ મંગલમ કેળવણી મંડળ સંચાલિત આર. એલ. પટેલ પી.ટી.સી. કોલેજ, વિદ્યાનગરી ખાતે તાલીમાર્થીઓમાં કલાત્મક અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવવાના હેતુથી અભિનય ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોલેજની કુલ ૧૩ ટીમમાંથી ૪૮ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાના અભિનય અને ગીત ગાયનની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં નાટ્યાત્મક અભિનય સાથેની પ્રસ્તુતિ સૌના દિલ જીતી ગઈ હતી, જેમાં ગરબા ટીમે પ્રથમ ક્રમ (યુવિકાબેન, સરસ્વતીબેન, હનીબેન અને રીના), લગ્નગીત ટીમે દ્વિતીય અને ગઝલ ટીમે તૃતીય સ્થાન મેળવ્યું હતું, જેમને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કોલેજના પ્રિન્સિપાલ પ્રકાશભાઈએ આવા કાર્યક્રમો દ્વારા તાલીમાર્થી પ્રતિભાને સતત ઉજાગર કરવાની પરંપરા જાળવી રાખવાની વાત કરી હતી, અને સંસ્થાના પ્રમુખ શ્રી ડો. ડી.એલ. પટેલ સાહેબ, ટ્રસ્ટી એમ.ડી. પટેલ સાહેબ તેમજ સી.ઈ.ઓ ગૌરવભાઈ દરજીએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સ્ટાફ મિત્રો અને વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# બાવળા-સાણંદ ચોકડી પર ધારાસભ્ય કનુભાઈ પટેલે અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લીધી



લાલજીભાઈ મેર - અમદાવાદ જિલ્લાના બાવળા વિસ્તારની સાણંદ-બાવળા ચોકડી પર લાંબા સમયથી ચાલી રહેલી અને અતિ ગંભીર બનેલી ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે સ્થાનિક ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલે સક્રિયતા દર્શાવી છે.ધારાસભ્યશ્રીએ ટ્રાફિક વિભાગના અધિકારી મહિપતસિંહ અને તેમના સ્ટાફ, તેમજ નગરપાલિકાના પ્રમુખ સાથે રૂબરૂ સ્થળની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ટ્રાફિકની સમસ્યા હલ થાય તે માટે જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા.ધારાસભ્યશ્રીએ ખાસ કરીને સોશિયલ મીડિયા પર વારંવાર ઉઠતા આમ જનતાને નોકરી-ધંધામાં અવરજવરમાં પડતી મુશ્કેલીઓ, સમયનો બગાડ અને અકસ્માતની સંભાવના જેવી ગંભીર બાબતોને ધ્યાને લીધી હતી. આ તમામ તકલીફોનું નિવારણ લાવવા માટે ઉપસ્થિત અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.-અખંડ ભારત

# ગુજરાતમાં ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ, ૯૧.૪૧% ડિજિટાઇઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે



સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electroal office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીશ્રી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે.૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં ૧૦૦% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં ૧૦૦% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજિટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં ૧૪.૧૬ લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે ૨.૮૮ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૧૮ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત ૨.૨૬ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# શહેરા-ગોધરા હાઇવે પર ગાબડું પુરવાની કામગીરી શરૂ



પંચમહાલના શહેરા-ગોધરા હાઈવે પર મસમોટું ગાબડું પડ્યું હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે એન્જિનિયરે મેનેજરને ફોન કરીને જણાવ્યું હતું, ત્યારે મેનેજરે પથ્થરો નાખી ગાબડું પૂરવા કહ્યું હતું. આમ મેનેજર અને એન્જિનિયરની કામ ચલાઉ કામગીરીની વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. અંતે તંત્ર દ્વારા હાઈવે પર યોગ્ય રીતે ગાબડું પુરવાની કામગીરી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, શહેરા-ગોધરા હાઈવે પર આવેલા મીરાપુર પાસે હાઈવે માર્ગ પર પડેલા ગાબડું પડતાં વાહનચાલકોમાં અકસ્માતનો ભય રહેતો હતો. હાઈવે પર ગાબડું પડ્યું હોવાનો વીડિયો વાઈરલ થતાં તંત્ર દોડતું થયું હતું. જેને પગલે તંત્ર દ્વારા જેસીબીની મદદથી શહેરા-ગોધરા હાઈવે પર પડેલા ગાબડાને યોગ્ય રીતે પુરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાઈવે પર ગાબડું પુરવાની કામગીરી હાથ ધરવામાં આવતા હાઈવે પરથી પસાર થતાં વાહનચાલકોને અકસ્માતનો ભય ટળ્યો છે.

## હરણાહોડા પ્રાથમિક શાળાની વિશ્વાબેન ચાવડાએ 'બાલ કવિ' સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું



અમરસિહ રાઠોડ -ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના હરણાહોડા ગામ માટે ગૌરવરૂપ સમાચાર છે. હરણાહોડા પ્રાથમિક શાળાની ધોરણ ૮ ની વિદ્યાર્થીની ચાવડા વિશ્વાબેન સુરેન્દ્રસિંહે કલામહોત્સવ ૨૦૨૫ અંતર્ગત યોજાયેલી બાલ કવિ સ્પર્ધામાં માણસા તાલુકામાં પ્રથમ સ્થાન મેળવીને શાળા અને સમગ્ર ગામનું નામ ઉજાળું કર્યું છે.વિદ્યાર્થીનીની આ સિદ્ધિ તેમના શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન, તેમની સખત મહેનત, અદભૂત પ્રતિભા અને આત્મવિશ્વાસનું પરિણામ છે.શાળા પરિવારે ચાવડા વિશ્વાબેનને આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. શાળા પરિવારે વિશ્વાબેન ઉત્તરોત્તર પ્રગતિ કરે, નવી ઊંચાઈઓ હાંસલ કરે અને આગામી તમામ પ્રવૃત્તિઓમાં તેજસ્વી બનીને શાળા તેમજ ગામનું નામ રોશન કરે તેવી હૃદયપૂર્વક શુભકામનાઓ વ્યક્ત કરી છે.-અખંડ ભારત

## બારડોલીની જે.એમ. પટેલ હાઈસ્કૂલમાં મિલેટ્સના મહત્ત્વ પર 'મિશન લાઈફ સેમિનાર' યોજાયો



રૂપેશભાઈ વસાવા - સુરત જિલ્લાના બારડોલી સ્થિત જે. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે તારીખ ૨૮/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧ કલાકે મિશન લાઈફ સેમિનાર અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગીતાબેન જે. ભામાણી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આહારમાં મિલેટ્સ (જાડા ધાન્યો) ની અગત્યતા અને તેના મૂલ્યવર્ધન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સખી મંડળના બહેનો, ICDS (સંકલિત બાળ વિકાસ સેવાઓ) ના બહેનો અને મિશન મંગલમ્ સ્ટાફ હાજર રહ્યા હતા, તેમજ ICDS ના બહેનો દ્વારા મિલેટ્સ આધારિત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સમાપ્તિ બાદ, ઉપસ્થિત તમામે મિલેટ્સ આધારિત બનાવેલી વિવિધ વાનગીઓનો આસ્વાદ લઈને છૂટા પડ્યા હતા.-અખંડ ભારત

# શહેરામાં લાખોની કિંમતનો દારૂ ઝડપાયો

પંચમહાલના શહેરા તાલુકામાં કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો હોવાની પંચમહાલ એલસીબી પોલીસને બાતમી મળી હતી. જેમાં શહેરા તાલુકાની ચાંદણગઢ ચોકડી નજીકથી પંચમહાલ એલસીબી પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. આ દરમિયાન આરોપીની કાર રોડની સાઈડમાં ઝાડ સાથે અથડાયેલી જોવા મળી હતી. તેવામાં કાલ ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના મામલે પોલીસે રૂ.૪.૬૨ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો અને ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના અણીયાદથી રેણાં ગામ તરફ આવતા રોડ પર નંબર વગરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો હોવાની ચોક્કસ બાતમી પંચમહાલ એલસીબી પોલીસને મળી હતી. આ પછી પોલીસે બાતમીના આધારે છાણીપ ગામે ચાંદણગઢ ચોકડી નજીક નાકાબંધી કરી હતી. તેવામાં બાતમી મુજબની કાર સ્થળ પરથી પસાર થતાં પોલીસની ટીમ દ્વારા તેને ઉભી રાખવા ઈશારો કર્યો હતો. જોકે, કાર ચાલકે ગાડી ઉભી ન રાખીને પૂરઝડપે ભગાડી મૂકી હતી. સમગ્ર ઘટનામાં પંચમહાલ એલસીબીના સ્ટાફે ફિલ્મી ઢબે આરોપીની કારનો પીછો કરતા ચાંદણગઢ ચોકડીથી થોડે દૂર ઝાડ સાથે કાર અથડાયેલી જોવા મળી હતી. એલસીબીના સ્ટાફે કારમાં તપાસ કરતાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૦૮૬ નંગ બોટલ સહિતનો કુલ રૂ.૪,૬૨,૩૩૩ કિંમતની દારૂનો જથ્થો અને આરોપીની કાર સહિત કુલ ૯.૬૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. શહેરા પોલીસે ફરાર આરોપી સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડાંગના આહવા તાલુકામાં ૧૧.૬૭ કરોડના ખર્ચે ૧૫ નવા રસ્તાઓનું ખાતમુહૂર્ત



ઘિસારામ ચૌધરી -ડાંગ જિલ્લાના વિકાસને વેગ આપતા એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં, વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતિમાં ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના આહવા તાલુકાના કુલ ૧૫ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેના નિર્માણ માટે કુલ રૂપિયા ૧૧.૬૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ અંતર્ગત હનવતચોંડ ગામે ૧૪ રસ્તાઓ (૯૭૨ લાખ) અને મહાલપાડા ગામે ૪ રસ્તાઓ (૧૯૫ લાખ) મળીને કુલ ૧૧૬૭ લાખના ખર્ચે નિર્માણ થનાર માર્ગોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ધારાસભ્યશ્રીના અથાગ પ્રયત્નોથી જિલ્લામાં અત્યાર સુધી આશરે ૭૦૦ કરોડથી વધુના ખર્ચે વિવિધ રોડ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી ચંદરભાઈ ગાવિત, પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રીઓ, તેમજ યુનિટી કન્સ્ટ્રક્શનના રાજુભાઈ અને શંકરભાઈ બાગુલ સહિતના સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## નવેમ્બરમાં ૧૫૦થી વધુ કલસ્ટર તાલીમ યોજાઈ



પપ્પુ ડામોર - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના આહ્વાનને પગલે ગુજરાત રાજ્ય સરકારના સહયોગથી દાહોદ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરવા માટે આત્મા પ્રોજેક્ટ દ્વારા ઝુંબેશરૂપે કામગીરી હાથ ધરાઈ છે. જિલ્લામાંથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે કુલ ૨૦૪ કલસ્ટર બનાવવામાં આવ્યા છે, જેના ભાગરૂપે નવેમ્બર મહિનામાં રવિ પાકોની વાવણી પૂર્વે ૧૫૦થી વધુ કલસ્ટર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના કર્મચારીઓ, કૃષિ સખી બહેનો અને સીઆરપી ભાઈઓ દ્વારા ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં જીવામૃત, ઘન જીવામૃત સહિતના પાંચ આયામોની સમજણ આપીને, તેના ફાયદાઓ વિશે માહિતી અપાઈ હતી અને ખેડૂતમિત્રોને જીવામૃત, ઘન જીવામૃત અને બ્રહ્માસ્ત્ર બનાવી તેનો છંટકાવ કઈ રીતે કરવો તે અંગેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.-અખંડ ભારત


### જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિજયનગર**

તા.વિજયનગર જી.સાબરકાંઠા
ફોન નં.૦૨૭૭૫-૨૫૪૩૪૦ ફેકસ નં.૦૨૭૭૫-૨૫૪૬૪૦

નં .પીઓએલ/જન્મ/વશી/૪૨૩/કેસ નં. /૨૦૨૫
તા. /૧૧/૨૦૨૫

અરજદાર:-પટેલ કુસુમબેન પ્રભુભાઈ
રહે.કુડોલ ગોઢવાડા તા. વિજયનગર,જી.સાબરકાંઠા
વિરુધ્ધ
સામાવાળા:-જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી રાજપુર ગ્રામ પંચાયત મુ.રાજપુર,તા.વિજયનગર

વિષય :- જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ -૧૩(૩) અન્વેય જન્મની નોંધણી કરવા અન્વેય વર્તમાનપત્રમાં પ્રસિધ્ધિ કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રી પટેલ કુસુમબેન પ્રભુભાઈની તા. ૧૭/૧૦/૨૦૨૫ ની અરજીથી તેમના પુત્રી નામે પટેલ નિશાબેન પ્રભુભાઈનો જન્મ તા.૦૫/૦૫/૨૦૦૦ ના રોજ મુ.કુંડોલ ગોઢવાડા તા. વિજયનગર મુકામે થયેલ હોઈ જે બાબતની જન્મની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. /૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને
એકઝીકટુટીવ મેજીસ્ટ્રેટ
વિજયનગર**

### જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિજયનગર**

તા.વિજયનગર જી.સાબરકાંઠા
ફોન નં.૦૨૭૭૫-૨૫૪૩૪૦ ફેકસ નં.૦૨૭૭૫-૨૫૪૬૪૦

નં .પીઓએલ/જન્મ/વશી/૪૨૫/કેસ નં. /૨૦૨૫
તા. /૧૧/૨૦૨૫

અરજદાર:-પટેલ કુસુમબેન પ્રભુભાઈ
રહે.કુડોલ ગોઢવાડા તા. વિજયનગર,જી.સાબરકાંઠા
વિરુધ્ધ
સામાવાળા:-જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી રાજપુર ગ્રામ પંચાયત મુ.રાજપુર,તા.વિજયનગર

વિષય :- જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ -૧૩(૩) અન્વેય જન્મની નોંધણી કરવા અન્વેય વર્તમાનપત્રમાં પ્રસિધ્ધિ કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રી પટેલ કુસુમબેન પ્રભુભાઈની તા.૧૭/૧૦/૨૦૨૫ ની અરજીથી તેમના પુત્ર નામે પટેલ મેહુલકુમાર પ્રભુદાસનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૯૪ ના રોજ મુ.કુંડોલ ગોઢવાડા તા.વિજયનગર મુકામે થયેલ હોઈ જે બાબતની જન્મની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો,હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૮/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને
એકઝીકટુટીવ મેજીસ્ટ્રેટ
વિજયનગર**

### જાહેર નોટીસ

**બી.જી. ડાભી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભિલોડાની કોર્ટમાં**

નં.પી.ઓ.એલ/જન્મ-મરણ/કેસ નં.૩૭૮/૨૦૨૫
તા.૨૯/૧૧/૨૦૨૫

ભગોરા હંસાબેન કાવજીભાઈ,
રહે.બાવળીયા ટોરડા, તા.ભિલોડા, જિ.અરવલ્લી
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ટોરડા,
તા.ભિલોડા જી.અરવલ્લી.

વિષય :- જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ -૧૩(૩) મુજબ જન્મ – મરણ નોંધણી અંગે જાહેર પ્રસિધ્ધીની નોટીસ બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ભગોરા હંસાબેન કાવજીભાઈનો જન્મ મોજે.બાવળીયા ટોરડા, તા.ભિલોડા મુકામે તા.૩૧/૦૫/૧૯૭૧ના રોજ થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા આ કામના સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખિત વાંધો રજુ કરવાનો રહેશે. લેખિતમાં વાંધો રજુ ન થયેથી, વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૨૯/૧૧/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કચેરીના સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને
એકઝીકટુટીવ મેજીસ્ટ્રેટ
ભિલોડા**

### જાહેર નોટીસ

**બી.જી. ડાભી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભિલોડાની કોર્ટમાં**

નં.પી.ઓ.એલ/જન્મ-મરણ/કેસ નં.૪૩૧/૨૦૨૫
તા.૨૫/૧૧/૨૦૨૫

હિતેશભાઈ રતિલાલ ખરાડી
મુ.પો.અઢેરા, તા. ભિલોડા, જિ.અરવલ્લી
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, અઢેરા,
તા. ભિલોડા જી.અરવલ્લી.

વિષય :- જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ -૧૩(૩) મુજબ જન્મ – મરણ નોંધણી અંગે જાહેર પ્રસિધ્ધીની નોટીસ બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રીના પોતાના નામે હિતેશકુમાર રતિલાલ ખરાડીનો જન્મ મોજે.અઢેરા, તા. ભિલોડા મુકામે તા.૦૧/૦૬/૧૯૮૧ના રોજ થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા આ કામના સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખિત વાંધો રજુ કરવાનો રહેશે. લેખિતમાં વાંધો રજુ ન થયેથી,વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા. ૨૫/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને
એકઝીકટુટીવ મેજીસ્ટ્રેટ
ભિલોડા**

































**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar- PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697